પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૧૧/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક સુદ-૮ વર્ષ : ૧૭ અંક : ૨૮૦

સુવિચાર

''માફી માંગનાર મજબૂર હોય શકે છે, પણ માફી આપનાર તો મજબૂત જ હોય છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



મહાઆરતી, શોભાયાત્રા, સમૂહપ્રસાદ સહિતનાં અનેકવિધ કાર્યક્રમો સાથે

અમરેલી જિલ્લામાં પૂ. જલારામબાપાનાં પ્રાગટયોત્સવની આસ્થાભેર ઉજવણી

સંત શિરોમણી પૂ. જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતીની ઉજવણીને લઈને દરેક સમાજમાં ઉત્સાહ જોવા મળ્યો

જિલ્લાનાં દરેક શહેરોમાં નીકળેલ શોભાયાત્રામાં વિવિધ સમાજનાં આગેવાનો જોડાયા

રાસની રમઝટ અને ''જય જલારામ''નાં નાદ સાથે સમગ્ર માહોલ ભક્તિસભર બની ગયો

સાવરકુંડલા, રાજુલા, બાબરા, લીલીયા, ધારી, બગસરા, વડિયા સહિતનાં શહેરોમાં પણ આસ્થાભેર ઉજવણી



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાનાં અમરેલી, સાવરકુંડલા, રાજુલા, ધારી, બગસરા, વડિયા, બાબરા, લીલીયા સહિતનાં શહેરો અને ગામોમાં આજે સંત શિરોમણી પૂ. જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલી

અમરેલી રઘુવંશી સમાજ દ્વારા આજે પૂ. જલારામ બાપાની ૨૨૭મી પ્રાગટય જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગઈકાલે રવિવારે તથા આજે સોમવારના રોજ ધાર્મિક માહોલમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાઈક રેલી, અન્નકૂટ, પૂ. જલારામબાપાની શોભાયાત્રા, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં જલારામ ભકતો તથા રઘુવંશી સમાજના લોકો જોડાયા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવ્યો

લાઠીનાં દુધાળા ગામે ગૌચર જમીનમાં થયેલ અનઅધિકૃત દબાણ દૂર ન થાય તો આંદોલનની ચીમકી

ઘોળકીયા ફાઉન્ડેશન દ્વારા દબાણ કરાયાનો ઉલ્લેખ થયો

અમરેલી, તા. ૧૮

અમરેલી પંથકનાં જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લાઠીનાં દુધાળા ગ્રામ પંચાયત ખાતા નં. ૩૮૬ સર્વે નંબર ૧૪૦/૧ અ. હે. ૩૨-૩૭-૫૦ આરે. ચો.મી. અને સર્વે નં. ૧૪૦/૧ બ.હે. ૨-૨૦-૫૫ ચારે. ચો.મી. જમીન પર ઘોળકીયા ફાઉન્ડેશન અને હેતની હવેલીનાં માલીક ધ્વારા આ સરકારની માલીકીની ગૌચરની જમીન પર અનઅધિકૃત દબાણો જેવા કે, સી.સી. રોડ, ડામર રોડ, પાકા ગ્રેઈટ, મોટા મોટા હોર્ડીગ અને તેમાં ઉભા કરેલ ગેરકાયદેસર ઉંડા ખોદકામથી તળાવનું સ્વરૂપ આપી ફરતે તાર ફેન્સીંગ મારી ગેરકાયદેસર કબ્જો જમાવી આજમીનને પચાવી પાડેલ હોય અને ઘોળકીયા ફાઉન્ડેશન ધ્વારા હેતની હવેલીને જોડતા ગેરકાયદેસર દબાણ ઉભા કરી કોઈપણ જાતના કાયદાકીય ડર વગર આજમીનને નસ્ટ કરી દેવામાં આવી છે. આ બાબતે છેલ્લા ઘણા દિવસોથી રજુઆતનાં ભાગરૂપે પ્રેસ મીડિયામાં તેમજ ન્યુઝ ચેનલ ધ્વારા આ કામે કાર્યવાહી સમાચારો પ્રસિધ્ધ રહેલ છે અને આ સમગ્ર હકીકતને દબાવવા એનકેન પ્રકારના પ્રયાસ થઈ રહેલ છે.

વધુમાં જણાવેલ છે કે, દબાણકર્તા ઉચ્ચ કક્ષાની લાગવગ ધરાવતા હોવાથી હાલ સુધી કોઈ જ યોગ્ય કાર્યવાહી થયેલ નથી. આવી બાબત કોઈ આમ નાગરિક ધ્વારા સરકારી જમીન પર દબાણ કરે તો વહીવટી તંત્ર ધ્વારા લેન્ડ ગ્રેબીંગ થી લઈ દબાણો દૂર કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ આ કેસમાં ઢાકપીછોડો કરી સમગ્ર હકીકતને દબાવી દેવાના પ્રયત્નો થઈ રહ્યા છે. ખરેખર તો આજમીન પર નીતમામ હકકો ગૌચર લાગુ પડતા હોય અને માલ ઢોરને

અનુસંધાન પાના ૬ ઉપર

બાઈક ઉપર જતાં હોય અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા

અમરેલીમાં ખાનગી નોકરી કરતા યુવકનું માર્ગ અકસ્માતમાં મોત થયું

બાયપાસ માર્ગ ઉપર દુર્ઘટના ઘટી

અમરેલી, તા. ૧૮

અમરેલીના લાઠી રોડ ઉપર રહેતા અને ખાનગી નોકરી કરતા જીગ્નેશભાઈ કનુભાઈ સોસા ગઈકાલ તા. ૧૫ ના રોજ રાત્રિના આશરે સાડા દસેક વાગ્યે તેમના મિત્રની સાથે તેમની મોટર સાયકલમાં પાછળ બેસી તેમના ઘરે જતા હતા ત્યારે અમરેલીના

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ
(એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ

અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catcring service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી
૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. વિરલ વસાણી — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન — મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત — તા. ૧૯/૧૧/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧

ડો. ઝલક શાહ ઉપાધ્યાય — પીડીયાટ્રીક એન્ડોક્રાઈનોલોજીસ્ટ — બાળકોના ગ્રોથ હોર્મોન્સ, ડાયાબીટીસ તથા ગ્રોથની તકલીફના નિષ્ણાંત — તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારે, સવારે ૯ થી ૨

ડો. અર્થ હિંગળાજીયા — ગેસ્ટ્રોસર્જન — પેટ, આંતરડા, લીવરના સર્જન — તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧

ડો. જય વિકાણી — કાર્ડિયોલોજીસ્ટ હૃદયરોગ નિષ્ણાંત — તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦

ડો. સાગર બરાસરા — એન્ડોક્રાઈનોલોજીસ્ટ — ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત — તા. ૨૧/૧૧/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨

(જુના રિપોર્ટ સાથે લાવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૪૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા (બાળરોગ નિષ્ણાંત)
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્પલ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૪૮૪૨ ૯૧૪૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક. ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૬૯૧૬૬ ૪૮૪૩૦

જોઈએ છે... જોઈએ છે... જોઈએ છે...
RAKSHA SHAKTI SCHOOL
યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ-ચલાલા તથા સંસ્કારધામ ચેરીટેબલ ટ્રસ્ટ-જીરા માટે

ક્રમ	જગ્યાનું નામ	લાયકાત
૧	ટીચર	B.Ed – સંસ્કૃત, અંગ્રેજી, સમાજ (અંગ્રેજી માધ્યમમાં ભણાવી શકે તેવા)-૨
૨	ટીચર	B.Ed (શિક્ષાશાસ્ત્રી)-હિન્દી અને સામાજીક વિજ્ઞાન (સંસ્કૃત સહિત ગુરૂકુળ (પાઠશાળા) માટે-૨
૩	ટીચર	B.Ed - સામાજીક વિજ્ઞાન, ગુજરાતી (ગુજરાતી માધ્યમ માટે)-૨
૪	ટીચર	સ્પોકન GK અને કમ્પ્યુટર-૧
૫	PTI	૧ (ભાઈ), ૧ (બહેન)
૬	રેકટર	૨ (બહેનો), ૨ (ભાઈઓ)
૭	કમ્પ્યુટર ઓપરેટર (બહેન)	કમ્પ્યુટરના જાણકાર, ઓફીસ સંભાળી શકે તેવા-૧
૮	ડ્રાઈવર	નિયુત આર્મીમેન-૧
૯	મેનેજર	મેનેજમેન્ટ કરી શકે તેવા-૧ (સ્કુલ/હોસ્ટેલ ના અનુભવી)
૧૦	રસોયા ટીમ	૩૦૦ થી ૪૦૦ બાળકોની રસોઇ બનાવી શકે તેવા-૨

-ઉચ્ચ પગાર સાથે રહેવા - જમવાની વ્યવસ્થા સંકુલ તરફથી આપવામાં આવશે.
-અપ-ડાઉન પણ આપકાર્ય છે
-યુનિફોર્મ પણ સંસ્થા તરફથી આપવામાં આવશે.
-જાહેરાત પ્રસિદ્ધ થયાની તા. ૧૬/૧૧/૨૦૨૬ થી દિવસ ૫ (પાંચ) માં આપેલ વોટસએપ નંબર ૯૩૧૩૭ ૦૭૩૯૦ પર રિઝયુમ મોકલી આપવા વિનંતી.
મેનેજીંગ ટ્રસ્ટી
પ.પૂ.સંતશ્રી ડો. રતિદાદા
યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા
ધારી રોડ, મીઠાપુર (કું.), ચલાલા, તા.ધારી, જી.અમરેલી-૩૬૫૬૩૦
મો. ૯૪૨૯૮ ૩૮૦૧૭/૯૪૨૭૭ ૪૩૮૧૭

૬૨ વર્ષે અમદાવાદ, સુરત જેવા સ્થળોએ સ્થાયી થયેલ વતનપ્રેમીઓની અવરજવર ઓછી થતાં

અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારો "દિવાળી"માં સુમસામ જોવા મળ્યા

કાળઝાળ મોંઘવારી, ભીષણ બેરોજગારી જેવા વિવિધ કારણોસર વતનપ્રેમીઓ વતનમાં આવી ન શકયા

દાયકાઓ બાદ ગ્રામ્ય વિસ્તારમાં આવતા પરિવારોની સંખ્યામાં વ્યાપક ઘટાડો જોવા મળ્યો

અમરેલી જિલ્લાનાં ૫ લાખ કરતાં વધુ નાગરિકો મહાનગરોમાં સ્થળાંતર કરી ચુકયા છે

ખડસલી ગામનાં સરપંચે ગ્રામ્ય વિસ્તારમાં 'દિવાળી'ની ઝાંખપ અંગે વિચારો રજૂ કર્યા

અમરેલી, તા. ૧૮

દિવાળી એટલે પ્રકાશનો પર્વ, ખુશીઓનો તહેવાર અને વતન સાથે લાગણીનો સંબંધ વધુ મજબૂત કરવાનો અવસર. દર વર્ષે દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજના તહેવારોમાં શહેરોમાં રોજગાર અને ધંધા માટે વસવાટ કરતા લોકો મોટી સંખ્યામાં પોતાના વતન એવા સૌરાષ્ટ્રનાં ગામડાંમાં આવતા હોય છે. દિવાળીના દિવસોમાં ગામડામાં ચારે તરફ રોનક જોવા મળતી હોય છે. વર્ષોથી બંધ પડેલા ઘરોમાં દીવા પ્રગટતા હોય છે, શેરીઓમાં બાળકોની કિલકિલાટ સંભળાતી હોય છે અને ગામડામાં જાણે



ફરી એકવાર જીવ આવી જતો હોય છે. પરંતુ આ વર્ષે અમરેલી જિલ્લા સહિત સૌરાષ્ટ્રનાં અનેક ગામડામાં દિવાળીના તહેવારો દરમિયાન જોઈએ તેવી ચહલપહલ જોવા મળી નથી. અનેક ગામડાંઓમાં લોકોની પાંખી હાજરીને કારણે ગામડાં ખાલી ખાલી જોવા મળ્યાં હતાં.

આખરે આ વર્ષે દિવાળીમાં ગામડાંમાં લોકોની સંખ્યા કેમ ઘટી ? શું મોંઘવારી અને આર્થિક સંકડામણની અસર તહેવારોની ખુશીઓ પર પણ પડી છે ?

આ અંગે ખડસલી ગામના સરપંચ ચેતન માલાણીએ જણાવ્યું હતું કે, દર વર્ષે દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજ જેવા તહેવારોમાં શહેરોમાં રહેતા લોકો પોતાના વતન ગામડે આવતા હોય છે. જેના કારણે ગામડામાં ભારે રોનક જોવા મળે છે. દેશી ભાષામાં કહીએ તો ગામડા લીલાછમ બની જાય છે. પરંતુ ચાલુ વર્ષે ગામડામાં આવનારા લોકોની સંખ્યા ખૂબ જ ઓછી જોવા મળી છે.

તેમણે જણાવ્યું કે, આ પાછળનું સૌથી મોટું કારણ આર્થિક સંકડામણ અને મોંઘવારી છે. શહેરોમાં પણ ધંધા–રોજગારની સ્થિતિ સારી નથી. બેરોજગારી વધી રહી છે અને અનેક લોકોના ધંધા–રોજગાર પર અસર પડી છે. બીજી તરફ સૌરાષ્ટ્રના ખેડૂતો માટે પણ આ વર્ષ મુશ્કેલભર્યું રહ્યું છે. દુષ્કાળ જેવી પરિસ્થિતિ અને ખેતીમાં પૂરતું ઉત્પાદન ન મળવાને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ નબળી બની છે. આવી પરિસ્થિતિમાં ખેડૂતો અને સામાન્ય પરિવારો માટે દિવાળી જેવા તહેવારોની ઉજવણી પણ મોંઘી બની છે.

આ ઉપરાંત વતન આવવા–જવાના મુસાફરી ખર્ચમાં પણ મોટો વધારો થયો છે. અગાઉ સુરતથી ગામડે આવવા માટે લકઝરી બસનું ભાડું અંદાજે ૫૦૦થી ૬૦૦ રૂપિયા હતું, જે હવે વધીને આશરે ૧,૫૦૦ રૂપિયા સુધી પહોંચી ગયું છે. એટલે કે મુસાફરી ખર્ચમાં બે થી ત્રણ ગણો વધારો થયો છે. પરિવારના ચારથી પાંચ સભ્યો ગામડે આવવા માંગે તો માત્ર મુસાફરી પાછળ જ હજારો રૂપિયા ખર્ચવા પડે છે. પરિણામે અનેક પરિવારો ઇચ્છા હોવા છતાં પોતાના વતન આવી શકયા નથી.

ચેતન માલાણીએ વધુમાં જણાવ્યું કે, જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. દૂધ, ડુંગળી સહિતની વસ્તુઓ મોંઘી બની છે. વાહન લઈને ગામડે આવતા લોકો માટે સીએનજી સહિતના ઈંધણના વધતા ભાવ પણ વધારાનો ખર્ચ ઊભો કરી રહ્યા છે.

તેમણે સરકારની ખેડૂતોની આવક બમણી કરવાની વાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ખેડૂતોની આવક વધવાને બદલે તેમની જાવક અને ખર્ચમાં વધારો થયો છે. ખેતીમાં ઉત્પાદન અને આવક ઘટી છે, જયારે ખર્ચ સતત વધી રહ્યો છે. ખેડૂતોની આર્થિક કમર ભાંગી રહી છે. બીજી તરફ શહેરોમાં રહેતા મધ્યમ વર્ગના પરિવારો માટે પણ ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે.

દિવાળી જેવા મોટા તહેવારમાં પણ ગામડામાં લોકોની હાજરી ઘટવી એ માત્ર તહેવારની ઉજવણીનો વિષય નથી, પરંતુ ગ્રામ્ય અર્થતંત્ર અને શહેરોમાં વસતા ગામડાના લોકોની આર્થિક સ્થિતિનો પણ ગંભીર સંકેત છે. એક સમયે દિવાળીમાં પરિવાર, સગા–સંબંધીઓ અને મિત્રોથી ઉભરાતાં ગામડા આજે આર્થિક મુશ્કેલીઓના કારણે ખાલી જોવા મળી રહ્યાં છે.

ખડસલી ગામના સરપંચની વાત પરથી એક સવાલ ઊભો થાય છે કે જો આવી જ પરિસ્થિતિ રહી તો આગામી વર્ષોમાં ગામડાની રોનક અને વતન સાથેનો લોકોનો સંબંધ કેવી રીતે જળવાઈ રહેશે ?

પ્રવાસન અને વન્યજીવ સંરક્ષણનો અનોખો સંગમ

ધારી : આંબરડી સફારી પાર્કમાં દિવાળીના ૪ દિવસમાં ૧૦ હજારથી વધુ પ્રવાસીઓનુ આગમન

સિંહ દર્શન, ખોડિયાર મંદિર અને જળાશયનો આનંદ લીધો



અમરેલી, તા. ૧૮

દિવાળીના તહેવારોમાં સૌરાષ્ટ્રના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો, ત્યારે અમરેલી જિલ્લાના ધારી ખાતે આવેલું આંબરડી સફારી પાર્ક પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું.દિવાળીના માત્ર ચાર દિવસમાં જ ૧૦ હજારથી વધુ પ્રવાસીઓએ આંબરડી સફારી પાર્કની મુલાકાત લઈ કુદરતી વાતાવરણમાં વન્યજીવો અને ખાસ કરીને એશિયાટિક સિંહોનાં દર્શનનો રોમાંચક અનુભવ માણ્યો હતો.

બીજી તરફ નજીકમાં આવેલા ખોડિયાર જળાશય અને ખોડિયાર માતાજીના મંદિર ખાતે પણ પ્રવાસીઓનો માનવ મહેરામણ ઉમટયો હતો. દિવાળીના ચાર દિવસ દરમિયાન સફારી પાર્કને ટિકિટ સહિતની આવકમાંથી રૂ.૨૦ લાખથી વધુની આવક થઈ હોવાનું જાણવા મળે છે.

વર્ષ ૨૦૧૭માં શરૂ થયેલું આંબરડી સફારી પાર્ક આજે અમરેલી જિલ્લાની પ્રવાસન ઓળખ બની ગયું છે. અંદાજે ૩૬૫ હેકટર વિસ્તારમાં ફેલાયેલા આ પાર્કના નિર્માણ પાછળ રૂ.૧૦ થી ૧૨ કરોડ જેટલો માતબર ખર્ચ કરવામાં આવ્યો હતો. અહીં એશિયાટિક સિંહ ઉપરાંત દીપડા, ચિતલ, ચીંકારા, નીલગાય, કાળિયાર સહિતના વન્યપ્રાણીઓ અને વિવિધ પ્રજાતિના પક્ષીઓને કુદરતી વાતાવરણમાં નિહાળવાની તક પ્રવાસીઓને મળી રહે છે.

પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પાર્કમાં આધુનિક સુવિધાઓ પણ વિકસાવવામાં આવી છે. જેમાં વિશાળ પાર્કિંગ, રિસેપ્શન સેન્ટર, વેઇટિંગ રૂમ, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ફૂડ કોર્ટ, શુદ્ધ પીવાના પાણીની સુવિધા સહિત દિવ્યાંગજનોને અનુકૂળ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. પ્રવાસીઓ સરળતાથી મુલાકાતનું આયોજન કરી શકે તે માટે ઓનલાઈન તેમજ ઓફલાઈન ટિકિટ બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ છે.

આંબરડી સફારી પાર્કનું એક વિશેષ આકર્ષણ વિશ્વના સૌથી મોટા સિંહ સ્ટેચ્યુ પૈકીનું એક ગણાતું ભવ્ય સિંહનું સ્ટેચ્યુ છે, જેને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા નોમિનેશન પણ મળ્યું છે. આ ઉપરાંત અર્બોરેટમ, પોલિનેટર પાર્ક અને તાજેતરમાં નિર્માણ પામેલું લેપર્ડ કેજ પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

માત્ર પ્રવાસન જ નહીં, પરંતુ વન્યજીવ સંરક્ષણ અને પ્રાણીઓની આરોગ્ય સંભાળની દિશામાં પણ પાર્ક દ્વારા મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. સિંહોની આરોગ્ય સંભાળ માટે મેડિકલ એમ્બ્યુલન્સ, આધુનિક સર્જિકલ સાધનો, યુવી લાઈટ, હીટર, ફ્લૂર અને ફોગર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અનુભવી પશુચિકિત્સકો અને લાઈવસ્ટોક ઈન્સ્પેકટરો દ્વારા વન્યપ્રાણીઓની સતત દેખરેખ રાખવામાં આવે છે.

પાર્કમાં પાંચ આધુનિક સફારી બસો કાર્યરત છે, જેમાંથી બે બસો એરકન્ડિશન્ડ છે. સુરક્ષિત બસ સફારી મારફતે પ્રવાસીઓને બે અલગ–અલગ સ્થળોએ સિંહ દર્શન કરાવવામાં આવે છે. પરિણામે પ્રવાસીઓ ખુલ્લા કુદરતીવાતાવરણમાં સિંહોને નિહાળવાનો રોમાંચ માણી શકે છે, સાથે જ તેમની સુરક્ષાનું પણ ધ્યાન રાખવામાં આવે છે.

આંબરડી સફારી પાર્કની વધતી લોકપ્રિયતાનો અંદાજ તેના વાર્ષિક પ્રવાસી આંકડા પરથી પણ લગાવી શકાય છે. વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન કુલ ૧,૩૦,૯૫૮ પ્રવાસીઓએ પાર્કની મુલાકાત લીધી હતી અને તેના પરિણામે રૂ.૨૦.૪૩ કરોડથી વધુની આવક નોંધાઈ હતી.


આ આંકડા અમરેલી જિલ્લાના પ્રવાસન ક્ષેત્રે આંબરડી સફારી પાર્કનું વધતું મહત્વ દર્શાવે છે. આમ, ધારીનું આંબરડી સફારી પાર્ક માત્ર સિંહ દર્શનનું સ્થળ બની રહ્યું નથી, પરંતુ પ્રવાસન વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, વન્યજીવ સંવર્ધન અને સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપતું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે.

દિવાળીના ચાર દિવસમાં ૧૦ હજારથી વધુ પ્રવાસીઓની હાજરી અને રૂ.૨૦ લાખથી વધુની આવક એ સાબિત કરે છે કે અમરેલી જિલ્લો પણ પ્રવાસન ક્ષેત્રે નવી ઓળખ સ્થાપિત કરી રહ્યો છે.

બાઈકોની મદદથી સિંહને પાછો વાળવાની કામગીરીનો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ

આંબરડી સફારી પાર્કમાં પર્યટકો માટેના નિર્ધારિત લોકેશન છોડીને બહાર નીકળ્યો સિમ્બા સિંહ અને દોડાદોડી શરૂ

સફારી પાર્કના અન્ય સિંહ સાથે ઈન્ફાઈટ ન થાય તે માટે વનવિભાગના ટ્રેકરોની જીવસટોસટની દોડધામ



અમરેલી, તા. ૧૮

ધારી નજીક આવેલા આંબરડી સફારી પાર્કમાં વન્યજીવોની સુરક્ષા અને સિંહોની દેખરેખ માટે વનવિભાગના કર્મચારીઓ સતત સતર્ક રહેતા હોય છે. ત્યારે સફારી પાર્કમાં પર્યટકોને સિંહ દર્શન કરાવવા માટે નિર્ધારિત લોકેશન પર રાખવામાં આવેલો એક સિમ્બા નામનો સિંહ લોકેશન છોડીને લોકેશન છોડી બહાર નીકળી જતાં વનવિભાગના કર્મચારીઓ દોડતા થયા હતા.

આ બનાવમાં સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ અમરેલી જિલ્લાના આંબરડી સફારી પાર્કમાં પર્યટકોને સિંહ દર્શન માટે નિર્ધારિત કરવામાં આવેલા લોકેશન પર સિમ્બા સિંહને રાખવામાં આવ્યો હતો. જો કે, સાંજના સમયે સિમ્બા નામનો સિંહ અચાનક પોતાનું લોકેશન છોડીને અન્ય વિસ્તારમાં ભાગવા લાગતાં વનવિભાગના ટ્રેકરો અને કર્મચારીઓ તાત્કાલિક હરકતમાં આવ્યા હતા.

આ સિમ્બા નામનો સિંહ સફારી પાર્કમાં રહેલા અન્ય સિંહોના વિસ્તારમાં પહોંચી જાય અને તેમની વચ્ચે ઈન્ફાઈટ એટલે કે આંતરિક લડાઈ સર્જાય તેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને વનકર્મીઓએ તેને ફરી નિર્ધારિત લોકેશન તરફ વાળવા કામગીરી શરૂ કરી હતી.

આ કામગીરી દરમિયાન વનવિભાગના ટ્રેકરોએ બાઈકોની મદદથી સિમ્બા સિંહને રોકવાનો અને તેની દિશા બદલવાનો પ્રયાસ કર્યો હતો. એક તરફ જંગલનો રાજા સિંહ અને બીજી તરફ પોતાની ફરજ નિભાવતા વનકર્મીઓ વચ્ચે જાણે જીવન મરણનો જંગ ખેલાતો હોય તેવા દશ્યો સર્જાયા હતા. આ સિમ્બા નામનો સિંહ અન્ય સિંહ સાથે ઈન્ફાઈટમાં ન ઉતરે અને સુરક્ષિત રીતે પાછો પોતાના લોકેશન પર પહોંચે તે માટે વનકર્મીઓએ જીવના જોખમ વચ્ચે કામગીરી કરી હતી.

સિમ્બા સિંહને ફરી નિર્ધારિત લોકેશન પર લાવવા માટે વનકર્મીઓએ બાઈકો દોડાવીને તેને પાછો વાળવામાં સફળતા પણ મળી હતી. વનવિભાગના કર્મચારીઓની આ જોખમી કામગીરીનો વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વન્યજીવ સંરક્ષણ માટે મેદાનમાં કામ કરતા ટ્રેકરોની કામગીરી ચર્ચાનો વિષય બની છે.

આ સમગ્ર ઘટનાએ આંબરડી સફારી પાર્કમાં વસતા સિંહોની દેખરેખ અને આ સિંહ વચ્ચે સંઘર્ષ ન થાય તે માટે વનવિભાગના કર્મચારીઓએ કેટલી સતર્કતા રાખવી પડે છે તેની ઝલક રજૂ કરી છે.

સ્થાનિક પોલીસની ચેકિંગ કામગીરી દરમિયાન

રાજુલામાં નિયમ વિરૂધ્ધ બાઈક ચલાવનાર વિરૂધ્ધ કાર્યવાહી કરાઈ

મોટર વ્હીકલ એકટનું પાલન કરવા અનુરોધ



અમરેલી, તા. ૧૮

રાજુલામાં બુલેટમાં મોડીફાય કરેલ ઉંચા અવાજનુ સાયલેન્સર તેમજ વગર નંબર પ્લેટ અને ફેન્સી એલ.ઈ.ડી લાઈટનો ઉપયોગ કરી અને ડ્રાઈવિંગ લાઈસન્સ વગર ચલાવતા એક ઈસમ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેમજ રાજુલા વિસ્તારનાં નાગરીકોને મોટર વ્હીકલ એકટનાં કાયદાનું પાલન કરવા રાજુલા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી.

રાજુલા પોલીસ સ્ટેશનની ટીમ નાગરીકોની રોડ સલામતી જળવાય રહે તેમજ મોટર વ્હીકલ એકટનાં કાયદાનું પાલન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા અંગે ગત તા.૧૪નાં રોજ રાજુલા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હોય ત્યારે મોડી રાત્રિનાં રાજુલા બસ સ્ટેશનથી કોહીનુર વિસ્તારમાં મુળ ધારી તાલુકાનાં પાદરગઢ ગામના વતની અને હાલ અમદાવાદ નિકોલ ખાતે રહેતા યુવરાજભાઈ જગુભાઈ વાળા નામનો ઈસમ બુલેટમાં મોડીફાય કરેલ ઉંચા અવાજનુ સાયલેન્સર તેમજ વગર નંબર પ્લેટ અને ફેન્સી એલ.ઈ.ડી લાઈટનો ઉપયોગ કરી બુલેટ પુરપાટ ઝડપે ચલાવી નીકળેલ હતો. જેથી તુર્તજ રાજુલા પોલીસ ટીમે રોકી કાગળો તથા બુલેટની ખરાઈ કરતા તે લાઈસન્સ વગર બુલેટ ચલાવતો હોય તેને પકડી પાડી તેના ચાલક વિરૂધ્ધમાં બીએનએસ તથા એમવી એકટની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ રાજુલા પોલીસ દ્વારા રાજુલા તેમજ આજુબાજુનાં વિસ્તારનાં લોકોને રોડ સલામતી અને મોટર વ્હીકલ એકટનાં કાયદાનું પાલન કરવા અપીલ કરવામા આવી હતી.

જલારામ બાપાની ૨૨૭ મી જન્મજયંતી નિમિત્તે

સાવરકુંડલા ખાતે થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન કરાયું

લોહાણા સમાજનાં યુવાનો મોટી સંખ્યામાં જોડાયા



સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલામાં જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે થેલેસેમિયા નિદાન કેમ્પનું ભવ્ય આયોજન

પરમ પૂજય સંત શિરોમણી પૂજય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે સાવરકુંડલા ખાતે એક અનોખી અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શોભાયાત્રા અને સમૂહ ભોજન જેવા ધાર્મિક કાર્યક્રમોની સાથેસાથે સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને એક વિશાળ થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી આપતા સાગર મશરૂએ જણાવ્યું હતું કે, થેલેસેમિયા જેવી ગંભીર બીમારી સામે નાની સાવચેતી અને સમયસરનું નિદાન ખૂબ જ મોટું રક્ષણ પૂરું પાડે છે. 'પ્રિવેન્શન ઇઝ બેટર ધેન કયોર' (સાવચેતી એ ઉપચાર કરતાં શ્રેષ્ઠ છે) ના સૂત્રને સાર્થક કરતા આ કેમ્પમાં ૧૦ થી ૩૫ વર્ષની વયજૂથના લોહાણા સમાજના બાળકો અને યુવાનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો છે અને ઓન – સ્પોટ રજીસ્ટ્રેશન કરાવીને આ સેવાકીય યજ્ઞમાં જોડાયા છે.

આ ભગીરથ કાર્ય લોહાણા મહા પરિષદ ઝોન ૪, લોહાણા મહા પરિષદ સાવરકુંડલા તાલુકા અને લોહાણા મહાજન ટ્રસ્ટ સાવરકુંડલાના સંયુકત સાથ – સહકારથી પાર પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત, રેડ ક્રોસ બ્લડ બેંક, ભાવનગરનો પણ વિશેષ સહયોગ સાંપડયો છે. સમાજ નિરોગી અને સ્વસ્થ રહે તેવા ઉમદા હેતુ સાથે યોજાયેલા આ સેવાયજ્ઞને સ્થાનિક લોકો તરફથી પણ ભારોભાર પ્રતિસાદ મળી રહ્યો છે.

બાબરા : માનબા કોટીલાએ મોર અને કમળની આકર્ષક રંગોળી બનાવી

બાબરા, તા. ૧૮

નવા વર્ષનાં પાવન પર્વ નિમિત્તે બાબરાનાં દાનેવનગર વિસ્તારમાં રહેતા યુવરાજભાઈ કોટીલાની દીકરી માનબા કોટીલાએ વિવિધ રંગોનાં સમન્વયથી મોર અને કમળની સુંદર તથા આકર્ષક રંગોળી તૈયાર કરી હતી.

માનબાને નાનપણથી જ ચિત્રકામ અને ડ્રોઈંગનો વિશેષ શોખ રહ્યો છે. ચિત્રકળા પ્રત્યેની તેમની રૂચિના કારણે શાળાકક્ષાએ પણ સુંદર



ચિત્રો બનાવવા બદલ અનેક વખત નંબર મેળવી પુરસ્કારોથી સન્માનિત થઈ ચૂકી છે. રંગો સાથેની તેમની સર્જનાત્મકતાનો પરિચય નવા વર્ષનાં દિવસે બનાવેલી આ મનમોહક રંગોળીમાં જોવા મળ્યો હતો.

આ રંગોળી બનાવતી વખતે માનબાને કાવ્યા બસીયાએ પણ સાથ–સહકાર આપ્યો હતો. નાનપણથી જ કળા પ્રત્યે લગાવ ધરાવતી માનબાની આ કલાત્મક કૃતિએ તહેવારનાં માહોલમાં રંગો અને સર્જનાત્મકતાની સુંદર છટા પાથરી હતી.

રાજ્યનાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સહિતનાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં

રાજુલાનાં સમૂહખેતી ખાતે આજથી "પ્રાકૃતિક ખેતી સંવાદ"નો પ્રારંભ

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલાનાં વતનનાં ગામમાં ઉત્સવનો માહોલ ઉભો થયો

સ્વ. ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ પણ કરવામાં આવશે

ગોવિંદબાપાની સ્મૃતિમાં ગોવિંદ સરોવરનું ભૂમિપૂજન પણ કરાશે

કૃષિમંત્રી વાઘાણી, રાજ્યમંત્રી વેકરિયા, સાંસદ સુતરીયા તેમજ ધારાસભ્યો પણ ઉપસ્થિત રહેશે

















અમરેલી, તા. ૧૬

રાજુલા તાલુકાનું સમૂહખેતી ગામ આગામી ૧૭ અને ૧૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ પ્રસંગનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. સમૂહખેતીના વિચારબીજ વાવનાર, ખેડૂત હિતના પ્રખર હિમાયતી અને પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપા કસવાલા દ્વારા નિર્મિત આ ગામની પવિત્ર ધરતી પર ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી બે દિવસીય પ્રવાસે પધારશે.

રાજ્યપાલની વિશેષ ઉપસ્થિતિમાં અહીં 'પ્રાકૃતિક ખેતી સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક ખેતીના પ્રચાર–પ્રસાર, ખેડૂતોના અનુભવો અને ખેતીના ભવિષ્ય અંગે વિચારવિમર્શ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે.

સમૂહખેતી ગામ માટે આ પ્રવાસ માત્ર એક સરકારી કાર્યક્રમ નહીં, પરંતુ ગામના ઈતિહાસ, ગૌરવ અને કૃષિ સંસ્કૃતિ સાથે જોડાયેલો ઉત્સવ સમાન અવસર બની રહ્યો છે. રાજ્યપાલના આગમનને લઈને સમગ્ર ગામમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે સ્વ. ભગવાનબાપા કસવાલાના પૌત્ર અને સાવરકુંડલા– લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાનું પણ આ સમૂહખેતી ગામ વતન છે. તેમના માટે આ પ્રસંગ દાદાના વિચારો, સંકલ્પો અને ખેડૂત કલ્યાણના વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાની ભાવનાત્મક અને ગૌરવપૂર્ણ ક્ષણ બની રહેશે.

સમૂહખેતીના પાયામાં રહેલો સામૂહિક વિકાસનો વિચાર અને પ્રાકૃતિક ખેતી દ્વારા ધરતી, પર્યાવરણ તથા ખેડૂતના કલ્યાણની ભાવના એકસાથે સાકાર થાય તેવા ઉમદા હેતુ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાનબાપાએ વાવેલા સમૂહખેતીના વિચારબીજને પ્રાકૃતિક ખેતીના માધ્યમથી નવી પેઢી સુધી પહોંચાડવાનો આ પ્રસંગ સમૂહખેતી ગામ માટે ગૌરવ, ગૌરવશાળી વારસાનું સ્મરણ અને ઉજ્જ્વળ કૃષિ ભવિષ્યનીનવી આશા બની રહેશે.

ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ

સમૂહખેતીના પ્રણેતા અને પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપા કસવાલાએ ખેડૂત સમાજના હિત, સામૂહિક વિકાસ અને ગ્રામ્ય સ્વાવલંબનના ઉમદા વિચાર સાથે સમૂહખેતી ગામનું નિર્માણ કર્યું હતું. તેમના આજીવન યોગદાન અને પ્રેરણાદાયી સ્મૃતિને કાયમી અંજલિ અર્પવાના હેતુથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે સમૂહખેતી પ્રાથમિક શાળા સામે સ્થાપિત ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે.

ગોવિંદબાપાની સ્મૃતિમાં ગોવિંદ સરોવરનું ભૂમિપૂજન

સમૂહખેતી ગામના નિર્માણ અને વિકાસમાં મહત્વપૂર્ણ સહયોગ આપનાર સ્વ. ગોવિંદબાપા પરસાણાના સ્મરણાર્થે 'ગોવિંદ સરોવર'નું ભૂમિપૂજન પણ મહામહિમ રાજ્યપાલના હસ્તે કરવામાં આવશે. આ જળસંચયનું કાર્ય ગામની સ્મૃતિ, જળસંરક્ષણ અને ભાવિ પેઢીઓના હિત સાથે જોડાયેલું એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સીધો સંવાદ

આ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી અપનાવી રહેલા પ્રગતિશીલ ખેડૂતો પોતાના અનુભવો, સફળતાની વાતો અને પ્રાકૃતિક ખેતીથી થયેલા લાભો અંગે પ્રતિભાવ રજૂ કરશે. રાજ્યપાલ ખેડૂતો સાથે સીધો સંવાદ કરી પ્રાકૃતિક ખેતીના વ્યાપક અમલીકરણ અંગે માર્ગદર્શન અને પ્રેરણા આપશે.

આ ઉપરાંત ગામમાં વૃક્ષારોપણ, ખેત તલાવડી, ગૌશાળાની મુલાકાત, ગૌપૂજન, સ્વચ્છતા અભિયાન તથા પ્રગતિશીલ ખેડૂતોના મોડેલફાર્મની મુલાકાત સહિતના કાર્યક્રમો પણ યોજાશે.

રાજ્યના મંત્રીઓ અને જનપ્રતિનિધિઓની વિશેષ ઉપસ્થિતિ

આ બે દિવસીય કાર્યક્રમમાં રાજ્યના મંત્રીઓ જીતુભાઈ વાઘાણી, કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્યો હીરાભાઈ સોલંકી, મહેશ કસવાલા, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવીયા તથા જિલ્લા પંચાયતનાં અધ્યક્ષા શ્રીમતી દક્ષાબેન ચોડવડિયા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.





















સુપ્રીમ કોર્ટમાં ચૂંટણી પંચનું સોગંદનામું

SIR માં નામ કપાય તો પણ મતદારો ગભરાયા વિના ફોર્મ-૬ ભરે

પંચે સ્પષ્ટ કર્યું છે કે માત્ર આ આધારે કોઈ ફોજદારી કેસ ચલાવવામાં નહીં આવે : આ સ્પષ્ટતાનો સ્થાનિક ભાષાઓમાં પણ વ્યાપક પ્રચાર કરાશે

નવી દિલ્હી, તા.૧૬

ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને ખાતરી આપી છે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન ડ્રાફ્ટ વોટર લિસ્ટમાં નામ કપાય તો કોઈપણ ડર વગર ફોર્મ-૬ ભરીને ફરીથી વોટર તરીકે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે, માત્ર આ આધાર પર તેમની સામે કોઈ ફોજદારી કેસ ચલાવવામાં નહીં આવશે કે તેમનું નામ અગાઉની વોટર લિસ્ટમાં હતું, પરંતુ SIR દરમિયાન બહાર પાડવામાં આવેલી ડ્રાફ્ટ લિસ્ટમાં ન આવ્યું.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં ચૂંટણી પંચે જણાવ્યું છે કે, આ સ્પષ્ટતાનો સ્થાનિક ભાષાઓમાં પણ વ્યાપક પ્રચાર કરવા માટે તમામ રાજ્યોના મુખ્ય નિર્વાચન અધિકારીઓ (CEO)ને સૂચના આપવામાં આવી છે. પંચના જણાવ્યા પ્રમાણે કેટલાક લોકોને એવી આશંકા હતી કે, અગાઉ વોટર રહી ચૂકેલી વ્યક્તિનું નામ ડ્રાફ્ટ લિસ્ટમાં ન આવ્યા બાદ ફોર્મ-૬ ભરવા પર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૧ હેઠળ તેની સામે કાર્યવાહી થઈ શકે છે.

પંચે સ્પષ્ટ કર્યું છે કે આવા લોકો પર ફોર્મ-૬ ભરવા માટે કેસ ચલાવવામાં આવશે નહીં, શરત એટલી છે કે તેમનું નામ અગાઉથી કોઈ અન્ય લોકસભા કે વિધાનસભા મતવિસ્તારની વોટર લિસ્ટમાં નોંધાયેલું ન હોવું જોઈએ અને ફોર્મમાં આપેલી ઘોષણા કાયદા મુજબની હોવી જોઈએ.

પંચે જણાવ્યું છે કે, તેણે એવા વોટર્સને પણ ફરીથી જોડવા માટે પગલાં લીધા છે, જેમને ASDD એટલે કે ગેરહાજર, સ્થળાંતર કરનાર, મૃત અથવા ડુપ્લિકેટ શ્રેણીમાં રાખવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે પણ આવા છૂટી ગયેલા વોટર્સ સુધી પહોંચવાનું સૂચન કર્યું હતું.

ચૂંટણી પંચે ૯ નવેમ્બર ૨૦૨૬ના રોજ SIR વાળા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય નિર્વાચન અધિકારીઓને આ અંગે નિર્દેશો જારી કર્યા હતા. આ અંતર્ગત વોટર પોતાનું ભરેલું એન્યુમરેશન ફોર્મ (Annexure-A) પોતાના વર્તમાન સામાન્ય નિવાસ વિસ્તારના ઈલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર (ERO), સહાયક ઈલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર (AERO) અથવા બૂથ લેવલ ઓફિસર (BLO)ને આપી શકે છે.

જે વોટર્સે પોતાનું સરનામું બદલ્યું નથી, તેઓ અગાઉ ફોર્મ જમા ન કરાવી શકવાનું કારણ જણાવતા છહહીટીિ-મ્સાથે સહી કરેલું ફોર્મ જમા કરી શકે છે. આ ફોર્મ જાતે અથવા પરિવારના કોઈપણ સભ્ય દ્વારા આપી શકાશે. આ ઉપરાંત ઈઝ્રૈંદ્રઈ પર ઈ-સાઈન સાથે ઓનલાઈન ફોર્મ જમા કરવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. પંચે કહ્યું કે એવી સિસ્ટમ બનાવવામાં આવશે જેથી તમામ યોગ્ય વોટર્સને ફાઈનલ વોટર લિસ્ટમાં નામ સામેલ કરાવવાની તક મળે. સાથે જ, વોટર લિસ્ટમાં બેવડા નામ ન આવે તેની પણ કાળજી રાખવામાં આવશે. અમે ચૂંટણી પ્રક્રિયાની શુદ્ધતા જાળવી રાખવા તેમજ એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે કોઈ પણ યોગ્ય મતદાર વોટર લિસ્ટથી બહાર ન રહે.

ગુજરાતના જળાશયોમાં ઘટતો જળસંગ્રહ ચિંતાજનક

રાજ્યના ૨૦૬ જળાશયોમાં માત્ર ૬૧.૫૮ ટકા પાણી, ઉનાળાની ચિંતા વધી

૯૦ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ, માત્ર પાંચ જળાશયો સંપૂર્ણ ભરેલા, નર્મદા ડેમમાં ૯૬.૭૭ ટકા પાણીનો જથ્થો હોવાથી રાહત

અમદાવાદ, તા.૧૬

ગુજરાતના જળાશયોમાં જળસંગ્રહ ઘટતાં આગામી સમયમાં પાણીની સમસ્યા સર્જાવાની ભીતિ ઊભી થઈ છે. રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં હાલ સરેરાશ ૬૧.૫૮ ટકા જળસંગ્રહ નોંધાયો છે. ચિંતાજનક બાબત એ છે કે રાજ્યના ૯૦ જળાશયોમાં પાણીનો જથ્થો ૨૫ ટકાથી પણ ઓછો રહ્યો છે, જેના કારણે આગામી દિવસોમાં પાણીના આયોજનને લઈને ચિંતા વધી છે.રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના મળીને માત્ર પાંચ જળાશયો સંપૂર્ણ ભરાયેલા છે. બીજી તરફ મોટાભાગના જળાશયોમાં પાણીનો જથ્થો ઘટતાં ઉનાળા દરમિયાન પીવાના પાણી તેમજ સિંચાઈ માટે મુશ્કેલી ઊભી થવાની શક્યતા છે. ખાસ કરીને ઓછા જળસંગ્રહ ધરાવતા વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા જાળવવી તંત્ર માટે પડકારરૂપ બની શકે છે.જીવાદોરી નર્મદા ડેમ ભરાયેલો રહેતા રાહતરાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પૂરતો જળસંગ્રહ હોવાને કારણે હાલ રાજ્યને મોટી રાહત મળી રહી છે. નર્મદા ડેમમાં હાલમાં ૯૬.૭૭ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. નર્મદા ડેમમાં ઊંચા જળસંગ્રહને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં પાણીની જરૂરિયાત પૂરી કરવામાં મદદ મળી શકે છે.જળસંગ્રહનો કરકસરપૂર્વક ઉપયોગ જરૂરી સાબિત થશેએક તરફ નર્મદા ડેમમાં સંતોષકારક જળસંગ્રહ રાહત આપી રહ્યો છે, તો બીજી તરફ રાજ્યના અન્ય જળાશયોમાં ઘટતો પાણીનો જથ્થો ચિંતાનો વિષય બન્યો છે. આગામી સમયમાં પાણીની સંભવિત તંગી ટાળવા માટે જળસંગ્રહનો કરકસરપૂર્વક ઉપયોગ અને પાણીના યોગ્ય આયોજનની જરૂરિયાત ઊભી થઈ છે.

TAT-HS પરિણામ સામે ઉમેદવારોનો ભડકો

ગાંધીનગરમાં રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી બહાર ઉમેદવારોનો વિરોધ

મળેલા ગુણ અને મૂલ્યાંકન પ્રક્રિયા અંગે પારદર્શિતા આવશે, સાથે જ જ્યાં વાસ્તવમાં ભૂલ થઈ હોય ત્યાં યોગ્ય સુધારો કરવાની તક મળશે

ગાંધીનગર,તા. ૧૬

રાજ્યમાં શિક્ષક બનવા માટે મહત્વપૂર્ણ ગણાતી TAT-HS (Teachers Aptitude Test Higher Secondary) પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ ઉમેદવારોમાં અસંતોષ ફેલાયો છે. પેપર ચકાસણીમાં વિસંગતતા અને ઓછા ગુણ આપવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ઉમેદવારોએ ગાંધીનગર સ્થિત રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી બહાર વિરોધ નોંધાવ્યો હતો. ઉમેદવારોએ પરિણામની પારદર્શિતા અંગે સવાલો ઉઠાવી સમગ્ર પ્રક્રિયાની ફરી તપાસ કરવાની માગ કરી છે.વિરોધ કરી રહેલા ઉમેદવારોનો આક્ષેપ છે કે તેમની ઉત્તરવહીઓમાં સાચા જવાબો અને પૂરતું લખાણ હોવા છતાં અપેક્ષા કરતાં ખૂબ ઓછા ગુણ આપવામાં આવ્યા છે.

કેટલાક ઉમેદવારોએ દાવો કર્યો છે કે તેમના જવાબો યોગ્ય હોવા છતાં મૂલ્યાંકનમાં વિસંગતતા જોવા મળી છે. આ કારણે મહેનત કરનારા અને પરીક્ષામાં સારા પ્રદર્શનની અપેક્ષા રાખનારા ઉમેદવારોને પરિણામમાં નુકસાન થયું હોવાની રજૂઆત કરવામાં આવી છે.ઉમેદવારોનું કહેવું છે કે માત્ર પરિણામ જાહેર કરી દેવું પૂરતું નથી, પરંતુ મૂલ્યાંકન પ્રક્રિયા અંગે પણ સ્પષ્ટતા થવી જરૂરી છે. પેપર ચકાસણીમાં કોઈ માનવીય કે તકનીકી ભૂલ થઈ હોય તો તેની ઓળખ કરીને યોગ્ય સુધારો કરવામાં આવે તેવી તેમની માગ છે.પરિણામને લઈને વધતા અસંતોષ વચ્ચે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગરમાં રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી બહાર એકઠા થયા હતા. ઉમેદવારોએ બોર્ડ સમક્ષ પોતાની રજૂઆત કરી અને પરિણામની પુનઃચકાસણીની માગણી કરી હતી. વિરોધ દરમિયાન પેપર મૂલ્યાંકન પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા માટે પણ માંગ કરવામાં આવી હતી.

ઉમેદવારોની મુખ્ય માગમાં પેપરનું રિ-ચેકિંગ કરવું અને શક્ય હોય તો ઉમેદવારોની ઉત્તરવહીઓ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનો સમાવેશ થાય છે. ઉમેદવારોનું માનવું છે કે ઉત્તરવહીઓ જાહેર થવાથી તેમને મળેલા ગુણ અને મૂલ્યાંકન પ્રક્રિયા અંગે પારદર્શિતા આવશે. સાથે જ જ્યાં વાસ્તવમાં ભૂલ થઈ હોય ત્યાં યોગ્ય સુધારો કરવાની તક મળશે.

ઉમેદવારોએ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરવાની પણ માગ કરી છે. તેમના મતે શિક્ષક બનવા માટે લાંબા સમયથી તૈયારી કરી રહેલા યુવાનોના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ન થવી જોઈએ. જો રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી સંતોષકારક જવાબ અથવા યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં વિરોધને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી ઉમેદવારોએ આપી છે.TAT-HS પરિણામને લઈને ઉભા થયેલા વિવાદ વચ્ચે હવે રાજ્ય પરીક્ષા બોર્ડ ઉમેદવારોની રજૂઆત અંગે શું નિર્ણય લે છે તે મહત્વનું બન્યું છે. ઉમેદવારોની માગને ધ્યાનમાં રાખીને રિ-ચેકિંગ, ઉત્તરવહીઓની ઉપલબ્ધતા અથવા મૂલ્યાંકન પ્રક્રિયાની તપાસ અંગે કોઈ નિર્ણય લેવાય છે કે નહીં તેના પર સૌની નજર છે.

સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વનો આદેશ આપ્યો

SC-ST અનામત બેઠકોનું રોટેશન ક્યારે અને કેવી રીતે થશે તે સરકાર નક્કી કરશે

કોઈપણ મતદાર કે ઉમેદવારને ચોક્કસ બેઠક આરક્ષિત કરાવવાનો બંધારણીય કે કાનૂની અધિકાર નથી

નવી દિલ્હી, તા.૧૬

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં SC-ST અનામત બેઠકોના રોટેશન (બદલાવ) મામલે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વનો અને સ્પષ્ટ આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસની આગેવાની હેઠળની ત્રણ જજોની ખંડપીઠે ચુકાદો આપતા જણાવ્યું છે કે, કોઈપણ મતદાર કે ઉમેદવાર પાસે ચોક્કસ મતક્ષેત્રને SC-ST માટે આરક્ષિત કરાવવાનો કોઈ બંધારણીય કે કાનૂની અધિકાર નથી. બેઠકોનું રોટેશન કઈ પદ્ધતિથી અને કઈ સમયસીમામાં થશે, તેનો નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર સરકાર (કાર્યપાલિકા) ના શિરે રહેલો છે. સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ ચૂંટણીના સીટોના અનામતની પદ્ધતિ અને રોટેશન નિયમ, ૨૦૨૫ ના નિયમ ૧૨ ને પડકારતી અરજી સંપૂર્ણપણે ફગાવી દીધી છે. અરજદારે દલીલ કરી હતી કે નવા સુધારા મુજબ રોટેશન ચક્ર નવેસરથી શરૂ કરવાથી ઓછી SC-ST વસ્તી ધરાવતા વિસ્તારોને ક્યારેય અનામતનો લાભ મળશે નહીં. જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે ૨૦૨૫ના સુધારા પછીની આગામી ચૂંટણીને રોટેશન માટે પ્રથમ ચૂંટણી ગણવામાં કશું જ ખોટું નથી.જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ અવલોકન કર્યું હતું કે બંધારણ અને નિયમો હેઠળ સ્થાનિક સંસ્થાની કુલ વસ્તીમાં SC/ST ના પ્રમાણના આધારે બેઠકોનું અનામત નક્કી થાય છે. કાયદો આરક્ષિત બેઠકોના રોટેશનની જોગવાઈ જરૂર કરે છે, પરંતુ તેની પદ્ધતિ અને સમયગાળો નક્કી કરવો એ સંપૂર્ણપણે સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે. સર્વોચ્ચ અદાલતે ઉમેર્યું હતું કે નિયમ ૧૨ અનામત કે રોટેશનના મૂળ સિદ્ધાંતોની વિરુદ્ધ નથી.

ચૂંટણી કમિશનરોની મંજૂરી અને અસંમતિ અંગે સવાલો

રાહુલ ગાંધી અને I.N.D.I.A. ગઠબંધને ચૂંટણી પંચને પૂછ્યા ૪૮ સવાલ

આ અરજીમાં ચૂંટણી પંચ પાસેથી કુલ ૪૮ સવાલોના જવાબ સોગંદનામા મારફતે રજૂ કરાવવાની મંજૂરી માગવામાં આવી છે

નવી દિલ્હી,તા.૧૬

દેશમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને લઈને રાજકીય વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત I.N.D.I.A. ગઠબંધનના નેતાઓએ ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવતાં સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી છે. આ અરજીમાં ચૂંટણી પંચ પાસેથી કુલ ૪૮ સવાલોના જવાબ સોગંદનામા મારફતે રજૂ કરાવવાની મંજૂરી માગવામાં આવી છે. ખાસ કરીને સમગ્ર દેશમાં SIR લાગુ કરવાનો નિર્ણય કોણે લીધો, મતદાર યાદીમાં ફેરફાર કરવાની સત્તા કોની પાસે હતી અને ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે આ મુદ્દે કોઈ અસંમતિ હતી કે નહીં તેવા સવાલો ઉઠાવવામાં આવ્યા છે.વિપક્ષી ગઠબંધને ચૂંટણી પંચને પૂછ્યું છે કે સમગ્ર દેશમાં SIR લાગુ કરવાનો નિર્ણય ક્યારે અને કોના દ્વારા લેવામાં આવ્યો હતો? આ નિર્ણયને મંજૂરી આપતી મૂળ ફાઈલ કઈ છે અને તેની ચોક્કસ તારીખ શું છે? આ ઉપરાંત ફોર્મ-૬માં ફેરફાર કરવાનો નિર્ણય કોણે લીધો હતો અને તેની પાછળ કઈ પ્રક્રિયા અપનાવવામાં આવી હતી તે અંગે પણ ખુલાસો માગવામાં આવ્યો છે. અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય બે ચૂંટણી કમિશનર વિવેક જોશી તથા એસ.એસ. સંધુની ભૂમિકા અંગે પણ સવાલો કરવામાં આવ્યા છે.૨૬ ઓક્ટોબરે ચૂંટણી પંચ દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા જવાબી સોગંદનામાને ત્રણેય કમિશનરોએ ક્યારે અને કેવી રીતે મંજૂરી આપી હતી? શું આ મંજૂરી બેઠકમાં આપવામાં આવી હતી, ફાઈલ પર નોંધ કરવામાં આવી હતી કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી નિર્ણય લેવાયો હતો? આ ઉપરાંત કોઈ નિર્ણયમાં ચૂંટણી કમિશનરોએ લેખિત અસંમતિ દર્શાવી હતી કે કેમ તે અંગે પણ જવાબ માગવામાં આવ્યો છે.

ઘરની ચાર દીવાલોમાં મહિલાઓ અસુરક્ષિત

અમદાવાદમાં ઘરેલુ હિંસાની ગંભીર સ્થિતિ, ત્રણ વર્ષમાં ૧૨,૭૨૧ ફરિયાદો નોંધાઈ

અભયમ ૧૮૧ પર આવતા દર બે ફોનમાંથી એકથી વધુ ઘરેલુ હિંસા સંબંધિત, માનસિક પ્રતાડના મુખ્ય સમસ્યા

અમદાવાદ, તા.૧૬

એક સમય હતો જ્યારે ઘર એટલે હૂંફ, વિશ્વાસ, સમજણ અને સુરક્ષાનું પ્રતીક ગણાતું હતું. દિવસભરના થાક બાદ પરિવાર સાથેની થોડીક વાતચીત પણ માનવીને માનસિક શાંતિ આપતી હતી. પરંતુ બદલાતી જીવનશૈલી, વધતી અપેક્ષાઓ, આર્થિક દબાણ, સોશિયલ મીડિયાનો અતિરેક અને સંબંધોમાં ઘટતી સહનશક્તિએ હવે ઘરના વાતાવરણને પણ તણાવપૂર્ણ બનાવી દીધું છે. જે ઘરમાં બે વ્યક્તિએ સાથે મળીને જીવન વિતાવવાનાં સપનાં જોયાં હતાં, એ જ ઘરમાં આજે અહંકાર, શંકા, અસહમતી અને મારઝૂડ જેવી ઘટનાઓ સંબંધોને તોડી રહી છે. અમદાવાદમાં ઘરેલુ હિંસાને લગતા છેલ્લા ૩ વર્ષના આંકડા આ સામાજિક પરિવર્તનની અત્યંત ગંભીર તસવીર રજૂ કરે છે.૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના આંકડા અનુસાર, છેલ્લા ૩ વર્ષમાં અમદાવાદમાંથી કુલ ૨૪,૧૩૬ મહિલાઓએ વિવિધ પારિવારિક અને ઘરેલું સમસ્યાઓના સંદર્ભમાં મદદ માટે સંપર્ક કર્યો હતો. તેમાંથી ૧૨,૭૨૧ ફરિયાદો એટલે કે ૫૨.૭ટકા જેટલી ફરિયાદો ઘરેલુ હિંસા અને શારીરિક અત્યાચાર સંબંધિત હતી. બીજા શબ્દોમાં કહીએ તો, હેલ્પલાઈન પર મદદ માટે આવેલા દર ૨ ફોનમાંથી ૧ કરતાં વધુ ફોન પાછળ ઘરની ચાર દીવાલો વચ્ચે થતી હિંસાની પીડા છુપાયેલી હતી.આ આંકડા માત્ર પતિ-પત્ની વચ્ચેના સામાન્ય ઝઘડાની વાત નથી કરતા, પરંતુ અનેક પરિવારોમાં મહિલાઓએ સહન કરવી પડતી શારીરિક અને માનસિક યાતનાઓ દર્શાવે છે. સાસરિયાં દ્વારા મારપીટ, અપમાન, ગાળાગાળી, સતત માનસિક દબાણ અને ઘરમાંથી કાઢી મૂકવા જેવી ઘટનાઓ પણ આ ચિત્રનો ભાગ છે.હેલ્પલાઈનના વર્ષવાર આંકડા જોઈએ તો વર્ષ ૨૦૨૪માં ઘરેલુ હિંસાની ૪,૭૨૧ ફરિયાદો નોંધાઈ હતી. વર્ષ ૨૦૨૫માં આ સંખ્યા ૪,૪૮૯ રહી હતી, જ્યારે વર્ષ ૨૦૨૬માં ૨૪ઓક્ટોબર સુધીના અહેવાલમાં ૩,૫૧૧ ફરિયાદો નોંધાઈ હોવાનું જણાવાયું છે. આમ, ૩ વર્ષમાં કુલ ૧૨,૭૨૧ ફરિયાદ સામે આવી છે. વર્ષ ૨૦૨૪ની સરખામણીએ ૨૦૨૫માં ફરિયાદોમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ૨૦૨૬ના આંકડા પણ હજુ ચિંતાજનક છે.છેલ્લા ૩ વર્ષના આંકડાઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરીએ તો ચોંકાવનારી વિગતો સામે આવે છે. આ ૩ વર્ષમાં ૩,૯૮૪ કિસ્સાઓમાં મહિલાઓએ ગંભીર શાબ્દિક દુર્વ્યવહાર અને માનસિક પ્રતાડનાનો સામનો કર્યો હતો. જ્યારે ૧,૩૯૫ કિસ્સાઓમાં પારિવારિક વિવાદ એટલી હદે વકર્યો હતો કે પરિણીત મહિલાઓને સાસરીનું ઘર છોડવાની ફરજ પડી હતી. આ ઉપરાંત, છેલ્લા ૩ વર્ષમાં લગ્નેતર સંબંધો અને વર્ચ્યુઅલ જોડાણોને લગતા ૧,૧૬૮ કિસ્સાઓ સામે આવ્યા હતા, જેમાં વર્ષ ૨૦૨૪માં આવા ૪૫૨ કિસ્સા નોંધાયા હતા, જે વર્ષ ૨૦૨૫માં ઘટીને ૩૯૨ અને વર્ષ ૨૦૨૬માં ૩૨૪ થયા હતા.પારિવારિક વિખવાદની સીધી અસર માસૂમ બાળકો પર પણ પડી રહી છે. છેલ્લા ૩ વર્ષમાં બાળકોની મુલાકાત, કસ્ટડી અને માતા-પિતાથી અલગ થવા સંબંધિત ૭૧૪ કિસ્સાઓમાં અભયમની રેસ્ક્યુ વાન અને કાઉન્સેલરની મદદ લેવાની જરૂર પડી હતી. વર્ષવાર વિગતો મુજબ વર્ષ ૨૦૨૪માં આવા ૨૮૩ કિસ્સા હતા, જે વર્ષ ૨૦૨૫માં ૨૩૪ અને વર્ષ ૨૦૨૬માં ૧૯૩ નોંધાયા હતા.મનોવિજ્ઞાનીઓ અને પરિવારના પ્રશ્નો સાથે સંકળાયેલા નિષ્ણાતોના મતે, આજના સમયમાં પરિવારોમાં સંવાદ અને સહનશક્તિ ઘટતી જાય છે. પહેલાં સંયુક્ત પરિવારમાં વડીલોની હાજરીને કારણે પતિ-પત્ની વચ્ચેના નાના મતભેદનો ઉકેલ આવી જતો હતો.

ટ્રમ્પ વહીવટીતંત્રની કડક કાર્યવાહીથી ભારતીય IT કંપનીઓ પર તપાસનું દબાણ

વોશિંગ્ટન, તા.૧૬

અમેરિકામાં H-1B વિઝા અને ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓ સામે ટ્રમ્પ વહીવટીતંત્રે કડક વલણ અપનાવ્યું છે. હવે અમેરિકાના લેબર ડિપાર્ટમેન્ટે કંપનીઓને સ્પષ્ટ ચેતવણી આપતાં કહ્યું છે કે, H-1B વિઝાનો ઉપયોગ બિઝનેસ ચલાવવાની કાયમી વ્યૂહરચના તરીકે કરી શકાય નહીં. આ નિવેદન બાદ ભારતની મોટી આઈટી કંપનીઓ ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો અને એચસીએલ સહિતની કંપનીઓ પર તપાસનું દબાણ વધવાની શક્યતા છે.અમેરિકાના લેબર ડિપાર્ટમેન્ટના ઈન્સ્પેક્ટર જનરલ એન્થની ડી'એસ્પોઝિટોએ ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, H-1B વિઝા કામચલાઉ વ્યવસ્થા છે. અમેરિકામાં તે જ કામ કરવા સક્ષમ અને તૈયાર કર્મચારી ઉપલબ્ધ ન હોય ત્યારે જ કંપનીઓએ વિદેશી કર્મચારીઓને આવા વિઝા પર નોકરી આપવી જોઈએ. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે વિઝા વ્યવસ્થાને બિઝનેસ મોડલ બનાવી શકાય નહીં.આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ઓક્ટોબરમાં ટ્રમ્પ વહીવટીતંત્રે માઈક્રોસોફ્ટ, એડોબી અને છ મોટી આઈટી આઉટસોર્સિંગ કંપનીઓને પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન કાર્યક્રમમાંથી સસ્પેન્ડ કરી હતી. આ લિસ્ટમાં ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રો, એચસીએલ, કોગ્નિઝન્ટ અને કેપજેમિનીનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીથી આ કંપનીઓ દ્વારા વિદેશી કર્મચારીઓ માટે ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયા અટકી છે.અમેરિકી અધિકારીઓનો આરોપ છે કે કેટલીક કંપનીઓ વિદેશી કર્મચારીઓને ઓછા પગારે નોકરી પર રાખીને અમેરિકાના સ્થાનિકોની જગ્યા લઈ રહી છે.ડી'એસ્પોઝિટોએ સંકેત આપ્યો છે કે તપાસ આગળ વધતાં અન્ય કંપનીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સામે પણ આવી કાર્યવાહી થઈ શકે છે. તેમની ઓફિસ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સની વ્હાઈટ હાઉસ ફોડ ટાસ્ક ફોર્સ સાથે મળીને કામ કરી રહી છે.

ચૂંટણી હારથી રિપબ્લિકન પાર્ટીમાં આંતરિક બળવો

ટ્રમ્પના પસંદગીના RNC અધ્યક્ષને હટાવવા પાર્ટીમાં વિરોધ તેજ

મિડટર્મમાં કારમી હાર બાદ અસંતુષ્ટ સભ્યો મેદાનમાં, કેસી કોસબીને અધ્યક્ષ બનાવવાની માંગ ઉઠાવી

વોશિંગ્ટન, તા.૧૬

અમેરિકાની મિડટર્મ ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટીના અત્યાર સુધીના સૌથી નિરાશાજનક પ્રદર્શન બાદ પાર્ટીના આંતરિક રાજકારણમાં મોટો વિસ્ફોટ થયો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પસંદ કરાયેલા 'રિપબ્લિકન નેશનલ કમિટી' (RNC) ના અધ્યક્ષ જો ટ્રુર્સને હોદ્દા પરથી હટાવવા માટે પાર્ટીમાં જ આંતરિક બળવો શરૂ થઈ ગઈ છે. મિડટર્મ ચૂંટણીમાં અણધાર્યા પરાજય બાદ કમિટીના અસંતુષ્ટ જૂથે નેતૃત્વ પર સવાલો ઉઠાવીને અધ્યક્ષનું રાજીનામું માંગ્યું છે.RNC ના અસંતુષ્ટ સભ્યોએ કેન્ટકીના નેતા કેસી કોસબીનું સમર્થન કરીને તેમને અધ્યક્ષ બનાવવાની કવાયત હાથ ધરી છે. ક્રોસબીએ કમિટીને પત્ર લખીને મિડટર્મ ચૂંટણીના પરિણામોને 'મોટો ઝાટકો' ગણાવ્યા હતા અને ભૂલોની પ્રમાણિકતાથી સમીક્ષા કરવાની માગ કરી હતી. ટેનેસી અને વર્જિનિયા જેવા રાજ્યોના કમિટી સભ્યોનું કહેવું છે કે ટેક્સાસ અને સાઉથ કેરોલિના જેવા પાર્ટીના પરંપરાગત ગઢમાં થયેલી હાર બાદ જૂના નેતૃત્વને જાળવી રાખવું એ પાર્ટી માટે વિનાશક સાબિત થશે. વિરોધી જૂથે RNC ના નાણાકીય ખર્ચાઓ પર પણ સવાલો ઉઠાવીને ફોરેન્સિક ઓડિટની માગ કરી છે.બીજી તરફ, આ આંતરિક વિરોધથી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્હાઈટ હાઉસ ભારે નારાજ થયા છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર સ્પષ્ટતા કરતા જો ટ્રુર્સને પોતાના 'MAGA યોદ્ધા' ગણાવીને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. વ્હાઈટ હાઉસે બળવાખોર જૂથના નેતાઓને આકરી ચેતવણી આપતા જણાવ્યું છે કે જો શિસ્તભંગ કરવામાં આવશે તો પાર્ટી તરફથી મળતી ફંડિંગ અને મદદ તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવશે. આગામી જાન્યુઆરીમાં એરિઝોના ખાતે યોજાનારી બેઠકમાં અધ્યક્ષ પદને લઈને ભારે ઘર્ષણ થવાની શક્યતા સેવાઈ રહી છે.

મકાનમાં આગથી ઘરવખરી બળીને ખાક

ગેસનો બાટલો લગાવ્યાની ૨૦ મિનિટમાં ભયાનક બ્લાસ્ટ થયો

મકાનને ભારે નુકસાન પહોંચ્યું હતું અને ઘરમાં રહેલો મોટાભાગનો સામાન આગની લપેટમાં આવી ગયો હતો

સુરત, તા.૧૬

શહેરના રાંદેર વિસ્તારમાં ગેસના બાટલામાં થયેલા ભયાનક બ્લાસ્ટની ઘટના સામે આવી છે. રાંદેરના પાયકવાડ વિસ્તારમાં ભારત ગેસનો નવો બાટલો લગાવ્યાની ગણતરીની મિનિટોમાં જ જોરદાર વિસ્ફોટ થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે મકાનને ભારે નુકસાન પહોંચ્યું હતું અને ઘરમાં રહેલો મોટાભાગનો સામાન આગની લપેટમાં આવી બળીને ખાક થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, પરિવાર દ્વારા બે દિવસ અગાઉ ભારત ગેસનો બાટલો નોંધાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સોમવારે સવારે ગેસનો બાટલો ઘરે લાવવામાં આવ્યો હતો અને તેને લગાવવામાં આવ્યો હતો. જોકે, બાટલો લગાવ્યાના માત્ર ૧૫થી ૨૦ મિનિટમાં જ અચાનક જોરદાર બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટના કારણે ઘરમાં આગ ફાટી નીકળી હતી અને ઘરવખરીને ભારે નુકસાન થયું હતું.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ અને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ફાયર વિભાગના જવાનોએ આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. જોકે, પાયકવાડ વિસ્તારની ગલીઓ અત્યંત સાંકડી હોવાના કારણે ફાયર બ્રિગેડનાં વાહનોને ઘટનાસ્થળે પહોંચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ગેસનો બાટલો લગાવ્યાના ગણતરીના સમયમાં જ બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો. બ્લાસ્ટનું ચોક્કસ કારણ જાણવા તપાસ જરૂરી બની છે. ગેસ લીકેજ કે અન્ય કોઈ ટેકનિકલ ખામીને કારણે વિસ્ફોટ થયો હતો તે અંગે તપાસ બાદ જ હકીકત બહાર આવશે.

ભાજપના નેતા કેપ્ટન અમરિંદર સિંહ હાજર રહ્યા

પરિવાર વિશેની ભ્રામક વાતો દૂર કરી સત્ય સામે લાવવા પુસ્તક લખ્યું : સોનિયા ગાંધી

**સોનિયા ગાંધીના આત્મકથાત્મક પુસ્તક બિલોં

રાઘવ ચઢ્ઢા સહિત ૫ સાંસદોને સોંપી મહત્વની જવાબદારી

પંજાબમાં ૨૦૨૭ની ચૂંટણી પહેલાં ભાજપનું મોટું રાજકીય આયોજન

અવિનાશ રાય ખન્નાને મેનિફેસ્ટો કમિટીનું સુકાન, સુનીલ જાખડને ચાર્જશીટ કમિટીની જવાબદારી સોંપાઈ

ચંડીગઢ, તા.૧૬

પંજાબમાં વર્ષ ૨૦૨૭માં યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ સંગઠનાત્મક તૈયારીઓ તેજ કરી દીધી છે. રાજ્યમાં રાજકીય સમીકરણો વચ્ચે ભાજપે ચૂંટણીની રણનીતિ ઘડવા માટે બે મહત્ત્વપૂર્ણ સમિતિઓની જાહેરાત કરી છે. ખાસ વાત એ છે કે આમ આદમી પાર્ટી (AAP) છોડીને ભાજપમાં જોડાયેલા રાઘવ ચઢ્ઢા સહિત પાંચ રાજ્યસભા સાંસદોને આ સમિતિઓમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભાજપના આ નિર્ણયને પંજાબમાં ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

પંજાબ ભાજપના પ્રદેશ અધ્યક્ષ કેવલ સિંહ ઢિલ્લોને રવિવારે બંને સમિતિઓની જાહેરાત કરી હતી. ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવાની જવાબદારી પૂર્વ સાંસદ અને વરિષ્ઠ નેતા અવિનાશ રાય ખન્નાને સોંપવામાં આવી છે. તેમના નેતૃત્વ હેઠળની મેનિફેસ્ટો કમિટીમાં મનપ્રીત સિંહ બાદલ, અશ્વની શર્મા, મનોરંજન કાલિયા, સોમ પ્રકાશ, રાણા ગુરમીત સિંહ સોઢી, અશ્વની સેખરી, સતનામ સિંહ સંધૂ, રાઘવ ચઢ્ઢા, રાજિંદર ગુપ્તા, હરભજન સિંહ, પરમપાલ કૌર અને એચ. એસ. ફૂલ્કાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સમિતિ પંજાબની સ્થાનિક સમસ્યાઓ, જનતાની અપેક્ષાઓ અને વિવિધ ક્ષેત્રોના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આગામી વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો તૈયાર કરશે. ભાજપે બીજી મહત્ત્વપૂર્ણ જવાબદારી પ્રદેશના વરિષ્ઠ નેતા સુનીલ જાખડને સોંપી છે. તેમને ચાર્જશીટ કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા છે. આ સમિતિમાં ઈકબાલ સિંહ લાલપુરા, વિજય સાંપલા, શ્વેત મલિક, મહારાણી પરનીત કૌર, રવનીત સિંહ બિટ્ટૂ, દિનેશ બબ્બૂ, સુશીલ રિંકૂ, ગેજા રામ, વિક્રમજીત સિંહ સાહની, અશોક મિત્તલ, સંદીપ પાઠક, એસ. એસ. ચન્ની અને જગમીત સિંહ બરાડ સહિતના નેતાઓને સ્થાન મળ્યું છે. ચાર્જશીટ કમિટી ચૂંટણી પહેલાં રાજકીય મુદ્દાઓ અને શાસન સંબંધિત બાબતોને એકત્રિત કરીને પાર્ટીની રણનીતિ તૈયાર કરવાની કામગીરી કરશે. ભાજપની આ સમિતિઓમાં રાઘવ ચઢ્ઢા સહિત AAPમાંથી ભાજપમાં જોડાયેલા પાંચ રાજ્યસભા સાંસદોને સ્થાન મળ્યું છે. આ નિર્ણયથી પંજાબના રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

ભાજપ દ્વારા અલગ-અલગ રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા નેતાઓને સમિતિઓમાં સામેલ કરીને ચૂંટણીની તૈયારીઓમાં તેમની ભૂમિકા નક્કી કરવામાં આવી છે. બીજી તરફ, પંજાબ કોંગ્રેસે પણ આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં સંગઠન મજબૂત કરવાની દિશામાં પગલાં લીધાં છે. અન્ય પક્ષોના નેતાઓને કોંગ્રેસમાં સામેલ કરવાની પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે ચાર સભ્યોની સમિતિ બનાવવામાં આવી છે. કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે અન્ય પક્ષોના નેતાઓને કોંગ્રેસમાં સામેલ કરતાં પહેલાં સંબંધિત વિસ્તારના વરિષ્ઠ નેતાઓ અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખો સાથે ચર્ચા કરવામાં આવશે. સ્થાનિક સંગઠનના અભિપ્રાયને મહત્ત્વ આપ્યા બાદ જ પક્ષપ્રવેશ અંગે નિર્ણય લેવામાં આવશે.

નિફ્ટી ૨૫,૨૯૧ની સપાટીએ બંધ

શેરબજારમાં જોરદાર તેજી; સેન્સેક્સ ૫૧૨ પોઈન્ટ ઉછળ્યો

વિદેશી રોકાણકારોની ખરીદી અને ક્રૂડ ઓઈલના ઘટતા ભાવથી બજારને મળ્યો ટેકો; બેન્કિંગ અને FMCG શેરોમાં તેજી

મુંબઈ, તા.૧૬

ભારતીય શેરબજારમાં સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારોમાંથી મિશ્ર સંકેતો મળવા છતાં વિદેશી રોકાણકારોની સતત ખરીદી અને ક્રૂડ ઓઈલના ઘટતા ભાવને કારણે ભારતીય બજારમાં ખરીદીનો માહોલ મજબૂત બન્યો હતો. દિવસના અંતે સેન્સેક્સ ૫૧૨.૩૪ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨,૧૦૪.૭૯ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી-૫૦ ૧૪૬.૮૦ પોઈન્ટ વધીને ૨૫,૨૯૧.૧૦ની સપાટીએ પહોંચ્યો હતો.

સોમવારના કારોબાર દરમિયાન બંને મુખ્ય સૂચકાંકોએ સકારાત્મક વલણ જાળવી રાખ્યું હતું. સેન્સેક્સ દિવસ દરમિયાન ૮૨,૩૧૧.૬૫ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. બીજી તરફ નિફ્ટી-૫૦એ પણ ૨૫,૩૩૭.૬૦નું ઈન્ટ્રાડે હાઈ નોંધાવ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સમાં ૦.૬૩ ટકા અને નિફ્ટીમાં ૦.૫૮ ટકાનો વધારો નોંધાયો હતો. સતત ત્રણ સપ્તાહથી બજારમાં જોવા મળતી તેજીની ચાલને પણ આ ઉછાળાથી વધુ મજબૂતી મળી છે. સોમવારના કારોબારમાં બેન્કિંગ અને FMCG ક્ષેત્રના શેરોમાં રોકાણકારોએ વધુ રસ દાખવ્યો હતો. નિફ્ટી FMCG ઈન્ડેક્સમાં આશરે ૧.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જ્યારે બેન્કિંગ, પ્રાઈવેટ બેંક, મીડિયા અને PSU બેંક ક્ષેત્રના ઈન્ડેક્સમાં પણ ૦.૩થી ૦.૯ ટકા સુધીની તેજી જોવા મળી હતી. બીજી તરફ રિયલ્ટી અને ફાર્મા ઈન્ડેક્સમાં આશરે ૧.૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો. મેટલ, ઓટો અને એનર્જી ક્ષેત્રના શેરો પર પણ વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

ભારતીય શેરબજારમાં તેજી પાછળ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ખરીદી પણ એક મહત્ત્વનું કારણ બની છે. નવેમ્બર મહિનામાં અત્યાર સુધી વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં અંદાજે ૮.૯ અબજ ડોલરની ચોખ્ખી ખરીદી કરી છે. વૈશ્વિક બજારોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રના રોકાણ અંગે વધતી ચિંતાઓ વચ્ચે વિદેશી રોકાણકારો ભારતીય બજાર તરફ ફરી આકર્ષાઈ રહ્યા હોવાનું માનવામાં આવે છે. ખાસ કરીને ભારતીય બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રના શેરોમાં રોકાણકારોની ખરીદી જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ આવતાં ભારતીય બજારને પણ ફાયદો થયો છે. બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ આશરે ૯૫.૪૦ ડોલરની આસપાસ રહ્યો હતો. ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે. તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ ઘટે તો દેશના આયાત બિલ, મોંઘવારી અને રૂપિયાની સ્થિતિને રાહત મળી શકે છે. આ આશાએ પણ રોકાણકારોનો ઉત્સાહ વધાર્યો હતો. મુખ્ય સૂચકાંકોમાં તેજી હોવા છતાં બજારના વ્યાપક સેગમેન્ટમાં નબળાઈ જોવા મળી હતી. નિફ્ટી મિડકેપ-૧૦૦માં આશરે ૦.૫૧ ટકા અને નિફ્ટી સ્મોલકેપ-૧૦૦માં ૧.૧૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ દર્શાવે છે કે બજારમાં ખરીદી મુખ્યત્વે પસંદગીના મોટા શેરો અને ચોક્કસ ક્ષેત્રો પૂરતી મર્યાદિત રહી હતી. તમામ શેરોમાં એકસરખી તેજી જોવા મળી નહોતી.

આગામી દિવસોમાં વિદેશી રોકાણકારોની ખરીદી, ક્રૂડ ઓઈલના ભાવ, વૈશ્વિક બજારોની ચાલ અને કંપનીઓના ત્રિમાસિક પરિણામો ભારતીય શેરબજારની દિશા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. સોમવારની તેજીએ રોકાણકારોમાં આશાવાદ વધાર્યો છે, જોકે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં થયેલો ઘટાડો બજારમાં સાવચેતી રાખવાનો સંકેત પણ આપે છે.

છૂટક બાદ જથ્થાબંધ મોંઘવારીએ મૂકી માઝા

હોલસેલ મોંઘવારી દર ૧૨.૯૯ ટકાને પાર, ઓક્ટોબરમાં જથ્થાબંધ મોંઘવારીમાં ઉછાળો

ઉત્પાદન ક્ષેત્રે ઇંધણ અને પરિવહન મોંઘા થવાને કારણે ફેક્ટરીઓથી લઈને સ્થાનિક બજાર સુધી માલસામાન પહોંચાડવાનો ખર્ચ અનેકગણો વધી ગયો

નવી દિલ્હી, તા.૧૬

દેશમાં વધી રહેલી મોંઘવારીના મોરચે અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જ્યાં ઓક્ટોબર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને ૧૨.૯૯ ટકા પર પહોંચી ગયો છે. ઇંધણ અને ખાદ્ય ચીજોના સતત વધતા ભાવોને કારણે સપ્ટેમ્બરના ૧૧.૩૯ ટકાની સરખામણીએ આ મોટો ઉછાળો નોંધાયો છે, જેનાથી સામાન્ય નાગરિકોના પારિવારિક બજેટ પર ભારે આર્થિક ભારણ વધી ગયું છે.

ભારતીય અર્થતંત્ર અને સામાન્ય જનતા માટે ચિંતા ઊભી કરે તેવા તાજેતરના આંકડાઓ અનુસાર, ઓક્ટોબર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર (WPI) વધીને ૧૨.૯૯ ટકાના સ્તરે પહોંચી ગયો છે. અગાઉ સપ્ટેમ્બર મહિનામાં આ દર ૧૧.૩૯ ટકા નોંધાયો હતો, એટલે કે માત્ર એક જ મહિનાના ટૂંકા ગાળામાં હોલસેલ મોંઘવારીમાં સીધો ૦.૯૦ ટકાનો વધારો થયો છે. સૌથી નોંધનીય અને ગંભીર બાબત એ છે કે સતત ત્રીજા મહિને જથ્થાબંધ મોંઘવારીમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે, જેના કારણે બજારમાં રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ, ખાદ્ય સામગ્રી અને અન્ય વપરાશી ચીજો અત્યંત મોંઘી બની ગઈ છે.

આ આખી મોંઘવારી પાછળ સૌથી મોટો અને મુખ્ય ફાળો ઇંધણ અને વીજળીના ક્ષેત્રનો રહ્યો છે. પ્રાપ્ત સત્તાવાર વિગતો મુજબ, ઇંધણ અને વીજળીની મોંઘવારી વધીને સીધી ૩૨.૮૪ ટકાના ઊંચા સ્તરે પહોંચી ગઈ છે, જ્યારે સપ્ટેમ્બર મહિનામાં આ જ આંકડો ૨૫.૮૫ ટકા પર હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ઊર્જા સંસાધનો અને ક્રૂડ ઓઈલની અસ્થિરતા તથા ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને કારણે વીજળી અને ઇંધણના ભાવમાં ભયાનક ઉછાળો આવ્યો છે, જેણે સમગ્ર દેશમાં માલસામાનના ઉત્પાદન અને પરિવહન ખર્ચને સીધો પ્રભાવિત કર્યો છે. ઉત્પાદન ક્ષેત્રે ઇંધણ અને પરિવહન મોંઘા થવાને કારણે ફેક્ટરીઓથી લઈને સ્થાનિક બજાર સુધી માલસામાન પહોંચાડવાનો ખર્ચ અનેકગણો વધી ગયો છે. તેની સીધી અસર જથ્થાબંધ બજાર પર પડી છે અને વેપારીઓ તથા ઉત્પાદકો દ્વારા આ વધારાનો આર્થિક બોજ અંતિમ ગ્રાહકો એટલે કે સામાન્ય જનતા પર નાખવામાં આવી રહ્યો છે. દૈનિક ઉપયોગની વસ્તુઓ, શાકભાજી, અનાજ અને અન્ય આવશ્યક ચીજોના ભાવ વધવાથી મધ્યમ વર્ગ અને શ્રમજીવી પરિવારોના માસિક ખર્ચના સમીકરણો સંપૂર્ણપણે વેરવિખેર થઈ ગયા છે. આર્થિક નિષ્ણાતોના મતે, જો સમયસર આ વધારાને નિયંત્રિત કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં છૂટક મોંઘવારી પણ નવી ઊંચાઈઓને સ્પર્શી શકે છે, જેનાથી બજારમાં ખરીદશક્તિ ઘટશે અને આર્થિક મંદી જેવું વાતાવરણ સર્જાઈ શકે છે.

જથ્થાબંધ મોંઘવારી દરનો આ બેકાબૂ ઉછાળો દેશના અર્થતંત્ર અને નાગરિકોના આર્થિક સ્વાસ્થ્ય માટે ગંભીર સંકેત આપે છે. જો સરકાર અને નીતિઘડવૈયાઓ દ્વારા ઇંધણ, વીજળી અને આવશ્યક ચીજવસ્તુઓના ભાવને નિયંત્રિત કરવા માટે કોઈ નક્કર તથા શીઘ્ર પગલાં નહીં ભરાય, તો આગામી સમયમાં મોંઘવારીનો આ માર વધુ અસહ્ય અને વ્યાપક બનશે.

દર્શન માટે એક-એક કિલોમીટર લાંબી કતારો

જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતીએ વીરપુર બન્યું જલારામમય

દેશ-વિદેશમાંથી લાખો ભક્તો દર્શનાર્થે ઉમટ્યા; મોડી રાતથી જ મંદિર બહાર ભક્તોની ભારે ભીડ જોવા મળી

વીરપુર, તા.૧૬

જ્યાં ટુકડો ત્યાં હરિ ટુકડોના સેવામંત્રને જીવનમાં ઉતારનાર સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. બાપાની જન્મભૂમિ વીરપુરમાં દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ મંદિરની બંને બાજુ અંદાજે એક-એક કિલોમીટર સુધી ભક્તોની લાંબી કતારો લાગી હતી. સમગ્ર વીરપુર નગરીને દુલ્હનની જેમ શણગારવામાં આવતાં અહીં જાણે બીજી દિવાળી ઉજવાતી હોય તેવો માહોલ સર્જાયો હતો. જલારામ બાપાની જન્મજયંતિના પાવન અવસરે પ્રથમ આરતી અને દર્શનનો લાભ લેવા માટે ભક્તો મોડી રાતથી જ વીરપુર પહોંચવા લાગ્યા હતા. વહેલી સવારે જલારામ બાપાના પરિવારજનો દ્વારા બાપાની સમાધિ પર પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ નિજ મંદિરમાં પ્રથમ આરતી ઉતારવામાં આવી અને ભક્તો માટે દર્શન ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં.

મંદિરમાં ભક્તોને સરળતાથી દર્શન થઈ શકે અને પ્રસાદનો લાભ મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું. જન્મજયંતિની ઉજવણીને લઈને સમગ્ર વીરપુરને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું છે. શહેરનાં ઘરો અને દુકાનો પર રંગબેરંગી રોશની કરવામાં આવી છે. ઠેરઠેર આકર્ષક રંગોળીઓ પૂરવામાં આવી છે, જ્યારે ઘરના પ્રવેશદ્વારે આસોપાલવનાં તોરણ બાંધવામાં આવ્યાં છે. ગેસ્ટ હાઉસ અને મુખ્ય માર્ગો પર પણ વિશેષ સુશોભન કરવામાં આવ્યું છે. સમગ્ર નગરીમાં ઉત્સવનો માહોલ છવાયો છે અને ઠેરઠેર જલારામ બાપાના જયઘોષ સંભળાઈ રહ્યા છે. જન્મજયંતિ નિમિત્તે વીરપુરમાં જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના મુખ્ય માર્ગો અને વિવિધ ચોકમાં બાપાના જીવનચરિત્ર, સેવાકાર્યો અને ઉપદેશોને દર્શાવતી આકર્ષક ઝાંખીઓ તથા ફ્લોટ તૈયાર કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત બાપાની ૨૨૭મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ૨૨૭ કિલો બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વીરપુર તરફ આવતા માર્ગો પર ભક્તોની સુવિધા માટે સેવાભાવી સંસ્થાઓ અને સ્થાનિક લોકો દ્વારા ઠેરઠેર પાણી, સરબત અને છાશનાં પરબ શરૂ કરવામાં આવ્યાં હતા. વિવિધ સ્થળોએ પ્રસાદ વિતરણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. દૂર-દૂરથી આવતા ભક્તોને કોઈ અગવડ ન પડે તે માટે સેવાભાવી લોકો ખડેપગે સેવા આપી રહ્યા હતા.

જલારામ બાપાના મંદિરની વિશેષતા એ છે કે છેલ્લા ૨૬ વર્ષથી અહીં દાન કે ભેટસોગાદ સ્વીકારવામાં આવતી નથી. બીજી તરફ, મંદિરનું અન્નક્ષેત્ર બે સદીઓથી વધુ સમયથી અવિરત સેવા આપી રહ્યું છે. જલારામ બાપાના સેવા એ જ પરમ ધર્મના સંદેશને સાર્થક કરતું આ અન્નક્ષેત્ર આજે પણ અનેક લોકોની ભૂખ સંતોષવાનું કાર્ય કરી રહ્યું છે.

મિશન ૨૦૨૭નો રોડમેપ તૈયાર

પીએમ મોદીની મુલાકાત બાદ ગુજરાત ભાજપ એક્શન મોડમાં

આદિવાસી મતદારોને રીઝવવાથી લઈ યુવા મોરચાના જનજાગૃતિ અભિયાન સુધીના ચાર મોટા નિર્ણયો લેવાયા

ગાંધીનગર, તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના તાજેતરના ગુજરાત પ્રવાસ અને ગાંધીનગરમાં મંત્રીઓ તથા વરિષ્ઠ નેતાઓ સાથે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠક બાદ ગુજરાત ભાજપમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આગામી ડિસેમ્બર ૨૦૨૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજયનો નવો રેકોર્ડ સ્થાપવા માટે સરકાર અને સંગઠને અત્યારથી જ કમર કસી છે. પીએમ મોદી સાથેની ચર્ચા બાદ પાર્ટીએ આગામી કાર્યક્રમોનો એક્શન પ્લાન ઘડી કાઢ્યો છે.

પાર્ટી દ્વારા સોમવારે (૧૬ નવેમ્બર) સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ પ્રભારી તરૂણ ચુગ સહિતના અગ્રણીઓ હાજર રહી કાર્યકરો સાથે સીધો સંવાદ સાધશે અને આગામી ચૂંટણીની રણનીતિનો રોડમેપ રજૂ કરશે.

રાજ્યમાં ઉજવાઈ રહેલા આદિવાસી ગૌરવ સપ્તાહ અને આદિવાસી મતદારોમાં પકડ વધુ મજબૂત કરવા સરકાર સક્રિય બની છે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી ૧૮થી ૨૦ નવેમ્બર દરમિયાન ગુજરાતના આદિવાસી વિસ્તારોના ૭૨ કલાકના વિશેષ પ્રવાસે જશે. આ દરમિયાન તેઓ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી સ્થાનિક નાગરિકોના પ્રશ્નો સાંભળશે. ચૂંટણી પંચ અને 'SIR'ની કામગીરી પર વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવી રહેલા સવાલો અને વિરોધનો જવાબ આપવા ભારતીય જનતા યુવા મોરચાને મેદાનમાં ઉતારાયો છે. યુવા મોરચો રાજ્યની તમામ વિધાનસભા બેઠકો પર જનજાગૃતિ અભિયાન ચલાવશે, જેમાં યુવાનો સાથે સંવાદ તેમજ શાળા-કોલેજોમાં ક્વિઝ અને વકૃત્વ સ્પર્ધાઓ યોજી લોકોની શંકાઓ દૂર કરવામાં આવશે. શુક્રવારે મોડી રાત્રે ગાંધીનગરમાં પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠક બાદ સરકાર અને સંગઠન એક જ દિશામાં આગળ વધે તે માટે સંકલન પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેથી ૨૦૨૨ની ઐતિહાસિક જીત બાદ ૨૦૨૭માં પણ પાર્ટીનું પ્રદર્શન વધુ મજબૂત બનાવી શકાય.

CNGના ભાવમાં ભડકો

ગુજરાત ગેસે પ્રતિ કિલો ૫ રૂપિયાનો વધારો ઝીંક્યો

ગુજરાત ગેસનો CNG ભાવ રૂ. ૮૮.૭૬થી વધીને રૂ. ૯૩.૭૬ પ્રતિ કિલો થયો : નવો ભાવ રાતથી અમલી બન્યો

અમદાવાદ, તા.૧૬

મોંઘવારીનો સામનો કરી રહેલા વાહનચાલકો માટે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. પેટ્રોલ અને ડીઝલ બાદ હવે CNGના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. અદાણી ગેસ બાદ ગુજરાત ગેસે પણ CNGના ભાવમાં પ્રતિ કિલો ૫ રૂપિયાનો વધારો ઝીંક્યો છે. આ વધારા સાથે ગુજરાત ગેસનો CNG ભાવ રૂ. ૮૮.૭૬થી વધીને રૂ. ૯૩.૭૬ પ્રતિ કિલો થયો છે. નવો ભાવ રાતથી અમલી બન્યો છે.

મોંઘવારીનો માર સહન કરી રહેલા વાહનચાલકો માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. પેટ્રોલ-ડીઝલ બાદ હવે CNGના ભાવમાં પણ ભડકો થયો છે. અદાણી ગેસ બાદ ગુજરાત એનર્જી એટલે કે ગુજરાત ગેસે પણ CNGના ભાવમાં પ્રતિ કિલો ૫ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે. આ ભાવવધારા સાથે ગુજરાત ગેસનો CNGનો ભાવ ૮૮.૭૬ રૂપિયાથી વધીને સીધો ૯૩.૭૬ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. નવો ભાવ રાતથી જ અમલી બન્યો.

ચાર મહિનામાં બીજી વખત CNGના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ ૧૮ ઓગસ્ટે પણ ૩.૭૫ રૂપિયાનો વધારો ઝીંકાયો હતો. બીજી તરફ અદાણી ગેસે તો માત્ર ૧૩ દિવસમાં બે વખત ભાવવધારો કરીને CNGના ભાવ ૧૦૦.૭૭ રૂપિયા સુધી પહોંચાડી દીધા. CNGના ભાવમાં સતત વધારાથી હવે રિક્ષાચાલકો, ટેક્સીચાલકો અને CNG કારચાલકોના ખિસ્સા પર સીધી અસર પડશે. ગેસ ભરાવવાનો ખર્ચ વધશે તો પરિવહન ખર્ચમાં પણ વધારો થવાની શક્યતા છે. અંતે આ વધારાનો બોજ સામાન્ય નાગરિકોના ખિસ્સા પર જ પડશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર મહિનામાં CNGના ભાવમાં બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. અગાઉ ૧૮ ઓગસ્ટના રોજ પણ પ્રતિ કિલો રૂ. ૩.૭૫નો વધારો કરવામાં આવ્યો હતો. બીજી તરફ, અદાણી ગેસે પણ માત્ર ૧૩ દિવસમાં બે વખત ભાવવધારો કર્યો છે, જેના પગલે CNGનો ભાવ ૧૦૦.૭૭ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યો છે. ગેસ ભરાવવાનો ખર્ચ વધતાં વાહનચાલકોનું માસિક બજેટ ખોરવાઈ શકે છે. ખાસ કરીને રોજીરોટી માટે વાહન ચલાવતા રિક્ષા અને ટેક્સીચાલકોની આવક પર પણ તેની અસર થવાની શક્યતા છે. જો વાહનચાલકો વધેલા ખર્ચની ભરપાઈ કરવા ભાડામાં વધારો કરે તો તેની અસર સામાન્ય મુસાફરોના ખિસ્સા પર પણ પડી શકે છે. આમ CNGના વધેલા ભાવે વાહનચાલકોની સાથે સામાન્ય નાગરિકોની ચિંતામાં પણ વધારો કર્યો છે.

યુપીની ૪૦૩માંથી ૧૮૧ બેઠકની માંગ

કોંગ્રેસ અને સપા વચ્ચેનો પેચ ઉકેલવા પ્રિયંકા ગાંધીને સોંપાઈ જવાબદારી

દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડની બેઠક; રાહુલ ગાંધીએ સપા સાથે સન્માનજનક બેઠક વહેંચણી પર ભાર મૂક્યો

નવી દિલ્હી, તા.૧૬

આગામી વર્ષ ૨૦૨૭માં યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે દિલ્હીમાં કોંગ્રેસની એક મહત્વપૂર્ણ રણનીતિક બેઠક યોજાઈ હતી. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે સમાજવાદી પાર્ટી (સપા) અમારી મહત્વપૂર્ણ સહયોગી પાર્ટી છે અને અખિલેશ યાદવ સાથે બેઠકોની વહેંચણી સન્માનજનક હોવી જોઈએ. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ, યુપી કોંગ્રેસ અધ્યક્ષ આરાધના મિશ્રા, સાંસદ ઈમરાન મસૂદ અને પ્રભારી રાજેન્દ્ર પાલ ગૌતમની ઉપસ્થિતિમાં મળેલી આ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. સૂત્રો મુજબ, અખિલેશ યાદવ સાથે બેઠકોની વહેંચણી અને ચૂંટણીલક્ષી મુદ્દાઓ પર મંથન તેમજ સંકલન સાધવા માટે પ્રિયંકા ગાંધી સહિતના આ પાંચ વરિષ્ઠ નેતાઓની એક ખાસ કમિટી રચવામાં આવી છે.

કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે હાલ બે મુખ્ય મુદ્દાઓ પર મતભેદ જોવા મળી રહ્યા છે. મીડિયા અહેવાલો અનુસાર, તાજેતરમાં અખિલેશ યાદવે દાવો કર્યો હતો કે કોંગ્રેસે રાજ્યની ૪૦૩ બેઠકોમાંથી ૧૮૧ બેઠકોની માંગણી કરી છે. આ ઉપરાંત, રાહુલ ગાંધી સાથે સ્વામી પ્રસાદ મૌર્યની મુલાકાત બાદ તેમને ગઠબંધનમાં સામેલ કરવાની કોંગ્રેસની કવાયત સામે પણ અખિલેશ યાદવ અસંમતિ દર્શાવી ચૂક્યા છે. બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, ઉત્તર પ્રદેશની આગામી ચૂંટણી દેશના રાજકારણને નવી દિશા આપશે. રાજ્યની જનતા સામાજિક ન્યાય અને સમાન તક માટે પરિવર્તનની અપેક્ષા રાખી રહી છે અને કોંગ્રેસ 'INDIA' ગઠબંધન સાથે મળીને જનતા સમક્ષ એક મજબૂત વિકલ્પ રજૂ કરશે.

ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશની ગત બે વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસનું પ્રદર્શન નબળું રહ્યું હતું. વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં પાર્ટીને ૬.૨૫ ટકા મત સાથે ૭ બેઠકો મળી હતી, જ્યારે વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં કોંગ્રેસ ૨.૩૩ ટકા મત સાથે માત્ર ૨ બેઠકો જ જીતી શકી હતી.

૪૮ બોલમાં ૧૩૫ રન

રજત પાટીદારની તોફાની સદી, ૧૩ છગ્ગા અને ૮ ચોગ્ગા ફટકાર્યા

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મધ્ય પ્રદેશના કેપ્ટનની વિસ્ફોટક બેટિંગ; મધ્યપ્રદેશનો ૧૩૧ રને ભવ્ય વિજય

મુલનપુર, તા.૧૬

ભારતીય બેટ્સમેન અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના ખેલાડી રજત પાટીદારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પોતાની બેટિંગનો જોરદાર પરચો બતાવ્યો છે. આસામ સામેની મેચમાં મધ્યપ્રદેશ તરફથી રમતા રજતે માત્ર ૪૮ બોલમાં અણનમ ૧૩૫ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. તેની આ ઈનિંગમાં ૧૩ છગ્ગા અને ૮ ચોગ્ગાનો સમાવેશ થયો હતો. રજતની આ તોફાની બેટિંગના જોરે મધ્યપ્રદેશે આસામ સામે ૧૩૧ રનથી શાનદાર જીત મેળવી હતી.

પાંચમા ક્રમે બેટિંગ કરવા ઉતરેલા રજત પાટીદારે શરૂઆતથી જ આક્રમક અંદાજ અપનાવ્યો હતો. તેણે માત્ર ૪૧ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. પ્રથમ ૨૬ બોલમાં ૫૨ રન બનાવ્યા બાદ તેણે વધુ આક્રમક બેટિંગ કરી હતી. ઈનિંગ્સના અંતિમ ૨૨ બોલમાં તેણે ૮૩ રન ફટકારીને આસામના બોલરોને મુશ્કેલીમાં મૂકી દીધા હતા. આ સાથે તે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સદી ફટકારનાર મધ્યપ્રદેશનો પ્રથમ બેટ્સમેન બન્યો હતો. મુલનપુરમાં રમાયેલી આ મેચમાં આસામે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. મધ્યપ્રદેશની શરૂઆત ખાસ રહી નહોતી અને ટીમે ૫૭

અમરેલી : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી










ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને રાજય સરકારના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાનો ભવ્ય 'જનજાતીય ગૌરવ દિવસ કાર્યક્રમ યોજાયો હતો. ડો.ભરતભાઈ બોઘરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં ડો. ભરતભાઈ બોઘરાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજ શાસન સામે જળ, જમીન અને જંગલના અધિકારોની રક્ષા માટે ઐતિહાસિક લડત આપી હતી. તેમનું જીવન અને સંઘર્ષ માત્ર આદિવાસી સમાજ જ નહીં, પરંતુ સમગ્ર દેશના છેવાડાના અને શોષિત વર્ગના લોકો માટે પ્રેરણારૂપ છે. જે સમાજ પોતાના ભવ્ય ભૂતકાળ અને મહાપુરૂષોના બલિદાનને ભૂલી જાય છે, તેનું ભવિષ્ય રહેતું નથી. ભગવાન બિરસા મુંડાના બલિદાનને રાષ્ટ્રીય ઓળખ અપાવી જનજાતીય ગૌરવને નવી ઊંચાઈએ પહોંચાડવાનું કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. ડો. બોઘરાએ વર્ષ ૨૦૦૨ પછી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આદિવાસી સમાજને વિકાસની મુખ્ય ધારામાં જોડવા માટે થયેલી કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારોમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવા ઉપરાંત ફી શિપ કાર્ડ યોજના હેઠળ ખાનગી મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની લાખો રૂપિયાની ફી રાજય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખ સુધીની લોન તથા પાયલોટ બનવા માટે વિશેષ શિષ્યવૃત્તિની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, આયુષ્માન ભારત યોજના હેઠળ રૂ. ૧૦ લાખસુધીની મફત આરોગ્ય સારવાર, નલ સે જલ યોજના હેઠળ ઘરે–ઘરે પીવાનું શુદ્ધ પાણી, પાકા રસ્તાઓ તેમજ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસી વિસ્તારોના વિકાસ માટે વિશેષ બજેટની ફાળવણી સહિતની વિવિધ યોજનાઓનો લાભ આદિવાસી પરિવારોને મળી રહ્યો છે. આદિવાસી સમાજના ગરીબ પરિવારની દીકરીને દેશના સર્વોચ્ચ બંધારણીય પદ એવા રાષ્ટ્રપતિ પદે બિરાજમાન કરવાનું ઐતિહાસિક કાર્ય પણ વર્તમાન સરકારના નેતૃત્વમાં થયું છે. શિક્ષિત આદિવાસી યુવાનો પોતાના સમાજમાં જાગૃતિ લાવી સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડે તેવો અનુરોધ પણ તેમણે કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કરવામાં આવ્યું હતું. આદિવાસી સમાજની સમૃદ્ધ પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરતી સાંસ્કૃતિક તથા નૃત્યની પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. અમરેલી ખાતે મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવનાર આદિજાતિ સમાજના વિદ્યાર્થીઓ તેમજ રમત ગમત ક્ષેત્રે ઉતકૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા વિકાસ અધિકારી રાજેશ કુમાર મેર્યએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. તેમણે મહાનુભાવોને આવકારતા ભગવાન બિરસા મુંડાના ત્યાગ, બલિદાન તેમજ સંઘર્ષના ઈતિહાસનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમ સ્થળે વનવિભાગના સામાજિક વનીકરણ રેંજ અમરેલી દ્વારા બીજ મેળાનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષા બહેન ચોડવડિયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલી બહેન માંગરોળિયા, સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ નયના બહેન કાપડિયા, એ.એસ.પી જયવીર ગઢવી, નિવાસી અધિક કલેકટર એ.એ.ડોડિયા, પ્રાંત અધિકારી અમરેલી જાડેજા, અમરેલી નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય, અમરેલી નગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ કેવલભાઈ મહેતા, અગ્રણી અતુલભાઈ કાનાણી, ભૂપતભાઈ બસિયા, રાજુભાઈ ભુતૈયા, વિજય ભાઈ ચોટલિયા, દિનેશભાઈ ભુવા સહિતના અગ્રણીઓ, આદિવાસી સમાજના ભાઈઓ, બહેનો, યુવાનો તેમજ અમરેલી શહેરના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સોશ્યલ મિડિયાના માધ્યમથી

રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડરે પૂ. જલારામ બાપાની જન્મજયંતીએ શુભેચ્છા પાઠવી

પૂ. જલારામબાપાનાં ચરણોમાં શત્ શત્ વંદન કર્યા

રાજુલા, તા.૧૬



રાજુલા જાફરાબાદ ખાંભાના પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર દ્વારા બાપાના પાવન ધરા પર પ્રગટેલા અનંત ઊર્જાના સ્ત્રોત, ભક્તિ અને સેવાના પર્યાય સમાન સંત શિરોમણી પૂજય જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતીના પાવન અવસરે હૃદયપૂર્વકની અને ભક્તિભાવ સભર સોશિયલ મીડિયાના માધ્યમથી શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ રાજુલા ખાતે રઘુવંશી સમાજ દ્વારા આયોજિત બાપાની શોભાયાત્રામાં જોડાયા હતા બાપાની આરતી ઊતરવાનો અવસર પ્રાપ્ત કર્યા હતો આ દિવ્ય અવસરે પોતાના અંતરના ભાવો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આપણી સનાતન ભારતીય સંસ્કૃતિ અને તેમાં પણ વિશેષ કરીને ગુજરાત અને સૌરાષ્ટ્રની સંત અને શૂરવીરની ધરા અગણિત મહાપુરૂષોના તપ, બલિદાન અને સેવાથી પવિત્ર થયેલી છે, જેમાં વીરપુર મુકામે જન્મેલા પૂજય જલારામ બાપાનું નામ સેવા, સમર્પણ અને ''અન્નદાન એ જ મહાદાન' ના પરમ આદર્શ તરીકે ઈતિહાસના પાનાઓ પર સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે. 'દેને કો ટુકડા ભલો, લેનેકો હરિ નામ'ના ભક્તિમય અને સેવામય મંત્રને પોતાના જીવનનો શ્વાસ બનાવીને, ભૂખ્યાને ભોજન અને નિરાધારને આધાર આપવાની જે દિવ્ય જયોત પૂજય બાપાએ વીરપુરની પવિત્ર ભૂમિ પર પ્રગટાવી હતી, તે આજે સદીઓ વીતી જવા છતાં અને તેમની ૨૨૭મી જન્મ જયંતીની ઉજવણીના આજના આ ઐતિહાસિક મુકામે પણ અખંડ સદાવ્રત રૂપે સંપૂર્ણ તેજથી પ્રજવલિત છે જે સમગ્ર માનવજાત માટે અત્યંત ગૌરવ, આદર અને પ્રેરણાની બાબત છે. પૂજય બાપાએ પોતાના સંપૂર્ણ જીવનકાળ દરમિયાન કોઈપણ જાતના નાત–જાત, ઊંચ–નીચ કે અમીર–ગરીબના ભેદભાવ વિના માત્ર અને માત્ર 'દરિદ્ર નારાયણ'ની સેવામાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હતો અને તેમની એ નિઃસ્વાર્થ માનવસેવાની તથા પ્રભુ શ્રી રામ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાની સુવાસ આજે માત્ર ગુજરાત પૂરતી સીમિત ન રહેતા સમગ્ર વિશ્વમાં જયાં જયાં ગુજરાતીઓ વસે છે ત્યાં એક દિવ્ય ચેતના સ્વરૂપે વ્યાપેલી છે.

આજે જયારે સમગ્ર ગુજરાત અને વિશ્વભરના શ્રદ્ધાળુઓ બાપાની ૨૨૭મી જન્મ જયંતી અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિ ભાવથી ઉજવી રહ્યા છીએ, ત્યારે આપણે માત્ર તેમની આરતી કે પૂજા–અર્ચના પૂરતા સીમિત ન રહેતા, તેમના દ્વારા સ્થાપિત કરાયેલા સેવાના અને સદાવ્રતના મૂલ્યોને આપણા દૈનિક જીવનમાં ઊંડાણ પૂર્વક ઉતારીને, આપણી આસપાસ રહેલા જરૂરિયાતમંદ અને પીડિત લોકોની યથાશક્તિ મદદ કરવા માટે સાચા અર્થમાં સંકલ્પબદ્ધ થઈએ એ જ પૂજય બાપાના ચરણોમાં સાચી શ્રદ્ધાંજલિ અને વંદના ગણાશે. હું પૂજય જલારામ બાપાના દિવ્ય અને જયોતિર્મય ચરણોમાં ભાવપૂર્વક શિશ ઝુકાવીને કોટિ કોટિ વંદન કરૂં છું અને બાપાના આશીર્વાદ સમગ્ર દેશવાસીઓ અને ગુજરાતની જનતા પર સદાય અવિરત વરસતા રહે, સેના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્ય બની રહે તેમજ રાષ્ટ્ર નિર્માણના આ મહાન અને પવિત્ર કાર્યમાં સૌ નાગરિકોને એક થઈને પૂરી નિષ્ઠાથી આગળ વધવાની નૈતિક અને આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રભુ શ્રી રામ અને પૂજય જલારામ બાપાના ચરણોમાં અંતઃકરણપૂર્વકની પ્રાર્થના કરૂં છું અને અંતમાં ફરી એકવાર, સમસ્ત રઘુવંશી સમાજ તેમજ ગુજરાતની ધર્મપ્રેમી જનતા અને દેશ – વિદેશના તમામ ભક્તજનોને હૃદયના ઊંડાણથી 'જય જલારામ' ના નાદ સાથે બાપાની ૨૨૭મી જન્મ જયંતીની અનંત મંગળ કામનાઓ અને શુભકામનાઓ પાઠવી હતી.

–: જાહેર નોટિસ :–

આથી હું નીચે સહી કરનાર **શ્રી વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીના તે અમારા અસીલની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટિસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલ કે જેઓ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે રહે છે અને તેઓએ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામે આવેલ ખાતા નં. ૭૭૬, રેવન્યુ સર્વે નં. ૨૩૯ પૈકી ૨ની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે ચો.મી. ૨–૦૯–૨૯ વાળી મિલ્કત કે જે **કાંતાબેન મુકેશભાઈ દેસાઈ**ના માલીકી હકકે કબજા ભોગવાટાવાળી હોવાનું જણાવે છે તે મિલ્કત અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય તો તે ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ–હકક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો કોઈપણ ઈસમને આ મિલ્કત પરત્વેનો વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ **દિન–૭**માં નીચેના સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલ્કત સંપૂર્ણ ટાઈટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળ નો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેચ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે તેમજ આ નોટિસ પ્રસિધ્ધ થયાના મુદ્દત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારા મારફત
અમોના અસીલની સુચના મુજબ
વિમલ પી. પોપટ
એડવોકેટ (BCom.LL.B)
મો. ૯૪૨૮૭ ૯૩૪૨૦

ઓફીસ :–
સેવાસદનથી સિવિલ હોસ્પિટલ રોડ, જિલ્લા પંચાયત ઓફિસ પાછળ, અમરેલી.–૩૬૫૬૦૧

પાના ૧ ઉપરનું ચાલું

માર્ગ અકસ્માતમાં મોત થયું

બાયપાસ રોડ ઉપર આવેલ ટોયોટા શો – રૂમ પાસે પહોંચતા કોઈ અજાણ્યા વાહન ચાલક પોતાના હવાલાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટરસાયકલ સાથે ભટકાવી દેતા જીગ્નેશભાઈને શરીરે ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળ ઉપર જ મોત નીપજેલ હોય અને તે વાહન ચાલક ત્યાંથી નાસી ગયેલ તેથી અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ અમરેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલી જિલ્લામાં પૂ. જલારામબાપાનાં

આજે સોમવારે બપોરે ૩ઃ૩૦ કલાકે અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલા પૂજય જલારામબાપાના મંદિરેથી એક ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. આ શોભાયાત્રામાં બાળ જલારામ સ્વરૂપ સજ્જ બાળકો, કળશ કન્યાઓ, રઘુવંશી સમાજના અગ્રણીઓ સહિત જલારામ બાપાના શિષ્ય પરિવારના સભ્યો જોડાયેલ જેને લઈ ધર્મમય વાતાવરણ જોવા મળ્યુ હતું.

આજની શોભાયાત્રા શહેરના ભીડભંજન ચોક, ડો. જીવરાજ મહેતા ચોક, ટાવર ચોક અને હવેલી ચોક થઈ નાગનાથ મંદિર ચોક ખાતે સંપન્ન થશે. ત્યારબાદ સાંજે૭ કલાકે અમરેલીના લાઠી રોડ ઉપર આવેલી લોહાણા મહાજન વાડી સ્થિત પૂજય જલારામ મંદિર ખાતે મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. જયારે સાંજે ૭ઃ૩૦ કલાકે એ જ સ્થળે ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલીમાં પૂજય જલારામબાપાના પ્રાગટય દિન એટલે કે જલારામ જયંતીની ઉજવણીને આવકારવા અમરેલીના રઘુવંશી સમાજમાં ભારે ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો હોય જલારામ જયંતી નિમિત્તે અમરેલી લોહાણા યુવક મંડળ તથા જલારામ ધૂન મંડળ દ્વારા વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત અમરેલી લોહાણા યુવક મંડળ દ્વારા ગઈકાલે રવિવારે સવારે ૧૧ કલાકે જલારામ મંદિર, લોહાણા ગેસ્ટ હાઉસ ખાતેથી એક ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે આજે સોમવારે જલારામ ધૂન મંડળ દ્વારા જલારામ મંદિર, લોહાણા ગેસ્ટ હાઉસ ખાતે પૂજય જલારામબાપાને ભકિતભાવપૂર્વક અન્નકૂટ ધરાવવામાં આવેલ.

સાવરકુંડલા

આજરોજ સાવરકુંડલા શહેરમાં આવેલ જલારામ મંદિરે ભકિત અને ભાવનાનો મહિસાગર ઉમટયો હતો. 'ટુકડો ત્યાં હરિ ઢુકડો' ના સંદેશને સમગ્ર વિમાં પ્રસરાવી, જલારામ જયોતનો અનોખો પ્રકાશ ફેલાવતા પૂજય જલારામ બાપાના ૨૨૭માં પ્રાગટય દિવસ નિમિત્તે પરમ પૂજય જલારામ મંદિરે ભકતોનો માનવ મહેરામણ ઉમટી પડયો હતો. આજરોજ પૂ. બાપાના મંદિરે વિવિધ ધાર્મિક વિધિ સાથે પૂ. જલારામ બાપાના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે રીતસરની હોડ જામી હતી.

પ્રાતઃકાળે પૂ. જલારામ બાપાની પ્રતિમા સમક્ષ પૂર્ણ શ્રદ્ધા અને ભકિત સાથે શાસ્ત્રોકત વિધિ દ્વારા પૂજન–અર્ચન, આરતી જેવા ધાર્મિક વિધિઓ કરવામાં આવેલ. આ પર્વ નિમિત્તે શહેરના મુખ્ય માર્ગો પર પૂ. જલારામ બાપાની પ્રતિમા સાથે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે આરતી દર્શન તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે તમામ જલારામ ભકતોએ ખૂબ જ હોંશે આ પાવન પર્વની હર્ષ અને ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી.

આ પર્વની ખાસ નોંધનીય બાબત એ રહી કે, સમગ્ર રઘુવંશી સમાજના લોકો માટે શ્રી લોહાણા મહાજન વાડી ખાતે બપોર અને રાત્રી એમ બંને સમય માટે ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ સાવરકુંડલા અને તેની સહયોગી સંસ્થાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

રાજુલા

રાજુલા ખાતે આજે આસ્થા અને ઉત્સાહભેર પૂ. જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી.

શહેરનાં રાજમાર્ગો ગણાતા હવેલી ચોક, હોસ્પિટલ ચોક, બસ સ્ટેશન સહિતનાં વિસ્તારોમાં પૂ. જલારાબાપાની શોભાયાત્રા પસાર થઈ હતી અને રઘુવંશી સહિત વિવિધ સમાજનાં નાગરિકોએ પૂ. જલારામબાપાની ચરણવંદના કરી હતી.

પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર, વિહિપનાં અગ્રણી ચિરાગ જોષી સહિતનાં આગેવાનોએ પૂ. જલારાબાપાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

શિક્ષણ ક્ષેત્રે ૫૦ વર્ષની ગૌરવપૂર્ણ સફર પૂર્ણ થતા

બાબરા તાલુકાનાં થોરખાણની જનતા વિદ્યાલયનો સુવર્ણ જયંતી મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો

મહોત્સવમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

બાબરા, તા. ૧૬



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

તાલુકાનાં થોરખાણ ગામ ખાતે જનતા વિદ્યાલય, થોરખાણ દ્વારા આયોજિત સુવર્ણ જયંતી મહોત્સવ–૨૦૨૬ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રે પાંચ દાયકાની ગૌરવપૂર્ણ સફર પૂર્ણ કરનાર સંસ્થાનાં આ ઐતિહાસિક પ્રસંગે શાળા પરિવાર, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે રાજય કક્ષાનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયા, લાઠી–બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, તાલુકા પંચાયત પ્રમુખ તુષાર રામાણી, જિલ્લા પંચાયત પ્રતિનિધિ હિતેશભાઈ કલકાણી તેમજ તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ ભરતભાઈ બુટાણી સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ સંસ્થાની શિક્ષણ ક્ષેત્રે ૫૦ વર્ષની યશસ્વી સફરને બિરદાવી શાળા પરિવાર, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમગ્ર આયોજન સમિતિને આ ગૌરવપૂર્ણ ઉજવણી બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સંસ્થાની શૈક્ષણિક યાત્રા અને સમાજનાં ઘડતરમાં તેના યોગદાનને બિરદાવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આમ, જનતા વિદ્યાલય થોરખાણનો સુવર્ણ જયંતી મહોત્સવ શિક્ષણ, સંસ્કાર અને સંસ્થાની ગૌરવશાળી પરંપરાને ઉજાગર કરતો યાદગાર અવસર બની રહ્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

શિયાળે કર્યો હુમલો

શ્વાન ધ્વારા માનવી ઉપર સતત હુમલાની ઘટના પ્રકાશમાં આવી રહી હોય તે સમયે એક શિયાળે મહિલા ઉપર હુમલો કર્યાની ઘટના સામે આવી છે.

ખાંભાનાં નાના બારમણ ગામે શ્રમિક મહિલાનાં હાથ અને મોં ઉપર શિયાળે હુમલો કરતાં શ્રમિક મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

આંદોલનની ચીમકી

ચરાવવા માટેની હોય પરંતુ આ કેસમાં પશુને પીવા માટે પાણીનો અધિકાર પણ રહ્યો નથી અને કાંટા તારવાળી ફેન્સીંગ મારી સદંતર દબાણ કરતા ધ્વારા કબ્જો જમાવી દીધેલ છે.

આમ ધોળકીયા ફાઉન્ડેશન અને હેતની હવેલીનાં નામે પ્રખ્યાત થયેલ સ્થળના માલીકો ધ્વારા અનઅધિકૃત કરાયેલ ગૌચરની જમીન પરનાદબાણનો માપણી કરી હદ નિશાન નકકી કરી તા. ૨૫/૧૧/૨૬ સુધીમાં કાર્યવાહી કરવામાં નહી આવે તો આપની કચેરી સામે માલધારીઓ, ખેડૂતો તેમજ જાહેર સામાજિક કાર્યકરો સાથે તા. ૨૬/૧૧/૨૬નાં અર્ધનગ્ન હાલતમાં ઉપવાસપર બેસીસવિનયગાંધીચિંધ્યામાર્ગે આંદોલનકરીશું જેદરમિયાનઉભીથનાર પરિસ્થિતિને સઘળી જવાબદારી આપનાં શિરે રહેશે તેમ અંતમાં જણાવેલ છે.



ઉદ્યોગપતી સવજીભાઈ ધોળકીયા પ્રેરિત ધોળકીયા ફાઉન્ડેશન–સુરત દ્વારા

લાઠીનાં દુધાળા ગામે થયેલ જળ સંગ્રહના કામો વિવાદમાં સપડાયા

આરટીઆઈ એક્ટીવીસ્ટ અને સામાજીક કાર્યકર્તા નાથાલાલ સુખડીયાએ રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીને પત્ર પાઠવી તપાસની માંગ કરી

વર્ષ ૨૦૨૨માં સવજીભાઈ ધોળકીયાને અપાયેલ પદ્મશ્રી એવોર્ડ પરત ખેંચવા પણ માંગ

જનતા જનાર્દનનાં પરસેવા પૈસા સરકાર મારફત મેળવીને કરાયેલ કામોમાં પોતાની વાહવાહી કરાતી હોવાનો આક્ષેપ


ગૌચર જમીનમાં દબાણ સહિતની અનેક ગેરરીતિ કરાઈ હોવાનાં આક્ષેપથી ચકચાર

















લાઠી, તા. ૧૬

ઘોળકીયા ફાઉન્ડેશન સુરતના પ્રણેતા સવજીભાઈ ધનજીભાઈ ધોળકીયા (પદમશ્રી) દ્વારા દુધાળા ગામે જળસંચય કામગીરી અંતર્ગત સરકારના ઉચ્ચ લેવલના નેતાઓને દુધાળા ખાતે અલગ અલગ કાર્યક્રમો મારફતે બોલાવી પોતે દ્વારા જિલ્લા વહીવટી તંત્ર ઉપર રોફ જમાવી પોતે આ વિશાળ કામ દેશહિતમાં કરી રહ્યા હોવાનો ખોટો ડોળ કરી સરકારની આંખમાં ધુળજોકી પંચગંગા તિર્થ હેતની હવેલી ભારતમાતા માલા સરોવર–હરિકૃષ્ણ સરોવર ગુજરાત ગૌરવ સરોસર, નારણ સરોવર દાદાનું કુલીબાનો ઓટલો જેવા સ્ટ્રકચરના નામ આપી લોકાપર્ણ કરાવતા રહેલ છે. અને આવા લોકાપર્ણની તકતીઓમાં પોતે જ સંપુર્ણ નિમાર્ણ કરી રહયા હોય તેઓ હાઉ ઉભો કરી પબ્લીસીટી કરી વાહ વાહી કરી રહ્યા છે. વાસ્તમાં સબંધિત વિભાગો પાસેથી મેળવેલ માહિતી પરથી સાચી વાત ધ્યાન પર એ આવી કે આ દરેક કામો પાછળ સરકારની કરોડોની ગ્રાન્ટ પોતાના ઘોળકીયા ફાઉન્ડેશન ટ્રસ્ટમાં મેળવી અને સરકારના જ ખર્ચે કાર્યક્રમો ગેરમાર્ગે દોરી રહયા છે. દુધાળા ગામે વર્ષ૨૦૧૭–૧૮ અને ૧૯માં મનરેગા યોજનામાં રૂા.૨,૩૩,૦૦, ૪૯૧–૨૨ કરોડના ખર્ચે પાણી સંગ્રહનું કામ થયેલ છે.

વધુમાં જણાવ્યુ કે, આ ઉપરાંત ઘોળકીયા ફાઉન્ડેશનને અકાળા, ચિતલ, હરસુરપુર દેવળીયા, લુણકી, જસવંતગઢ, કૃષ્ણગઢ એ લુહારીયા ગામોમાં સુઝલામ–સુફલામ યોજનામાં વર્ષ ૨૦૧૯થી ૨૫ સુધીમાં ૯૮,૧૬,૪૨૧–૨૦ લાખ સરકાર દ્વારા પાણી સંગ્રહ માટે ચુકવાયેલ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૬ સુધી લાઠી તાલુકાના પીપરીયા ગામે, ૫,૯૭,૬૧,૪૬૮/–બોડીયા ગામે રૂા. ૧,૮૬,૭૫,૮૩૫/– અંટાળીયા ગામે રૂા. ૨,૧૧,૮૮,૧૮૯/– લાઠી ગામે રૂા. ૬૬,૭૬,૧૦૮–૮૦ અને ગાગડીયા નદી લાઠી રૂા. ૬,૯૨,૭૨,૪૭૦/– ગાંગડીયો નંદી લાઠી રૂા. ૩,૫૮,૨૨,૪૧૦/– ગાંગડીયો નંદી લાઠી ૨, ૨૭,૪૮,૦૪૪/– લાઠી ગાંગડીયો નંદી રૂા. ૩, ૬૨,૫૯,૫૫૧/– આમ ધોળકીયા ફાઉન્ડેશનને સરકારના રૂા. ૨૭, ૦૪,૦૪,૦૭૫–૮૦ કરોડ આમ અલગ અલગ ત્રણ ગ્રાન્ટો મળી રૂા. ૩૦,૩૫,૨૦,૯૮૮–૨૨/ કરોડના કામના બીલો ચુકવાઈ ગયેલા છે. અને હજુ પણ ઘણા કામના રનીગ બીલો થવાના બાકી છે. આમ આ સરકારની સંપુર્ણ ગ્રાન્ટ હોવા છતાં પોતાના ખાતે દર્શાવી પોતાના ફાઉન્ડેશનના બોર્ડ મારી રહયા છે. અને તેઓએ પોતાની અંકાળા તા.લાઠી. ખાતા નંબર ૧૨૧૦ સર્વે નંબર ૪૮૨/૧ પૈકી ૪૮ હે.આરે.૧–૨૧–૪૧ચો.મી.માં ધનજીભાઈ નારણભાઈ ધોળકીયા, કુલીબેન ધનજીભાઈ ધોળકીયા, સવજીભાઈ ધનજીભાઈ ધોળકીયા વિગેરે નામથી ચાલતી ખેતીની જમીન પર હેતની હવેલી બનાવી છે. રેકર્ડ મુજબ અંકાળા તરફથી આ જમીન પર જવાતું હતું. પરંતુ રાજકીય રીતે તંત્ર પર રોફ છાટી દુધાળામાં ગૌચર ગ્રામ પંચાયત ખાતા નં. ૩૮૬ સર્વે નંબર ૧૪૦/૧અ. હે. ૩૨–૩૭–૫૦ આરે.ચો. મી. અને સર્વે નંબર ૧૪૦/૧ બ. હે.આરે. ૨–૨૦–૫૫ ચો.મી. પરથી ડામરના પાકા રોડ તેમજ સી.સી. રોડ અંદાજે ૪૦ ફુટથી વધારે પહોળા તેમજ પાકા લોખંડની જાળીવાળા ગૌચરની જમીન પર ઉભા કરી દીધેલા છે. અને અનેક જગ્યાએ આ ગૌચરની જમીનને ૫૦ થી ૭૦ ફુટ ઉડાઈ સુધી ખોદકામ કરી કરાવી પશુચરણને લાઈક રહેવા દીધેલ નથી અને આ ભરાયેલા પાણી ફરતે લોખંડની જાળી અને કાટાળા તારથી બંધ કરી દીધેલ છે. જેથી પશુપાલકો આ પાણી પીવા જઈ શકતા નથી.

વધુમાં જણાવેલ છે કે, ગામના ૧૦ વર્ષ પહેલાના પશુપાલકના જણાવ્યા મુજબ ૯૦૦ જેટલા માલઢોર આ ગામે હતાહાલ આ પશુની સંખ્યા માત્ર ૧૫૦ ની છે. તેથી કુદરતી સંપદાને પણ મોટુ નુકશાન થયેલ છે. આ ઉપરાંત મોજે લાઠી તાલુકો લાઠી ગામની ખાતા નંબર ૧૨૩૦ સર્વે નંબર ૬૭૬/૧ સરકાર ખરાબાની જમીન હે.આરે ૩૧૪–૩૭–૭૬ ચો.મી. વાળી જમીન જે મોજે દુધાળા ગામને અડીને આવેલી છે.તેમા પણ સરકારના ખર્ચે મોટે પાયે ખોદકામ કરી નસ્ટ કરી નાખેલ છે. અને તેના પર કુલીબા ક્રિકેટ સ્ટેડિયમ બનાવી દીધેલુ છે. આમ આ ઉજળા નામથી ઓળખાતા ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકીયાએ સરકાર પાસેથી સરકારી કાર્યક્રમ માટે જળ ઉત્સવ ૨૦૨૩માં કલેકટર–અમરેલી સદરેથી રૂા. ૨,૬૫,૦૦,૩૦૫/– કરોડ – મંડપ–ચા–નાસ્તો ટેન્ટ અને અમરેલી આર.એન્ડ બી. સ્ટેટ પાસે ૨૦૨૩ના જળ ઉત્સવમાં હેતની હવેલીને જોડતા અને આસપાસના રસ્તાઓ બનાવવા લાઈટ ડેકોરેશન અને મંડપ સમિયાણા માટે રૂા. ૩, ૯૬,૦૦૦૦/– કરોડના ખર્ચે આયોજન કરેલ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૪માં તથા પ્રધાનમંત્રીના કાર્યક્રમ અંતગર્ત દુધાળા અમરેલી આર એન્ડ બી સ્ટેટ દ્વારા ડામર રોડ રસ્તા સી.સી. રોડ મંડપ ડેકોરેશન–લાઈટ ડેકોરેશન હેતની હવેલી આસપાસ રૂા. ૧૩, ૬૯,૦૦૦૦/– કરોડ આમ એકજ દુધાળા ગામે ઘોળકીયા ફાઉન્ડેશનના નેજા હેઠળ યોજાયેલ બે સરકારી કાર્યક્રમ રૂા. ૨૦,૩૦,૦૦,૩૦૫/– કરોડનો ખર્ચો કરી વાહવાહીના કારણે આ વિસ્તારનું ગૌચર જમીનનું પતન થયેલ છે. અને ગેરકાયદેસર પાકા સ્ટ્રકચર બનાવી.સી.સી. રોડ–ડામર રોડ–સ્ટેડિયમે બે હેલીપેડ આમ સરકારની જ ગ્રાન્ટો માંથી પોતે જ આગેવાની લઈ કોઈપણ સરકારના નિયમોનું પાલન કર્યા વગર આડેધડ કુદરતી સંપદાને મોટુ નુકશાન કરી રહેલ છે. અને ઉપર લેવલે વાહવાહી મેળવી પદ્મશ્રી તરીકે ૨૦૨૨માં સન્માનીત કરવામાં આવ્યા છે. જે બાબતે સ્થાનિક લેવલે તપાસ કરી યોગ્ય રીપોર્ટ કરી તેઓને અપાયેલ પદ્મશ્રીનું સન્માન પરત લેવા કાર્યવાહી થવા અને મોજે દુધાળા ગામની ગૌચરની જમીનમાં ગેરકાયદેસર ખોદાકામ અને પોતાના અને પરિવારના નામે તકતીઓ મારેલ છે. જેની સંપૂર્ણ તપાસ કરી આ ઉભા થયેલા સ્ટ્રકચરોને તાત્કાલીક સરકાર સંપતિ જાહેર કરવા અને સુપ્રિમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટમાં ગૌચરની જમીન અંગેના ચુકાદાઓ અને લેન્ડ ગેબીગ એકટ ૨૦૨૦ ગેરકાયદેસર દબાણ અંગેના કલેકટર અમરેલી અને રાજયના મહેસુલ વિભાગને કડક સુચના આપી આ દબાણો સુનિશ્ચત કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરી ગૌચરની જમીન પશુઓ માટે ખુલી કરવા અંતમાં માંગ કરેલ છે.

રૂબરૂ મુલાકાત લઈને સ્થળ પરિક્ષણ કરવા અને ગ્રામજનોની મુલાકાત લેવાનાં અનુરોધ સાથે

લાઠીનાં ધોળકીયા ફાઉન્ડેશનનાં પ્રોજેકટ મેનેજર કનક પટેલે સસ્તી પ્રસિધ્ધી અને ભ્રામક માહિતી ન ફેલાવવા અનુરોધ કર્યો

દુધાળા ગામે જળ સંગ્રહનાં કામો થકી જમીનોમાં પાણીનાં તળ ઉંચા આવ્યા છે, જમીનનાં ભાવો વધ્યા છે, અને વન્ય પ્રાણીઓ, પક્ષીઓને પણ ફાયદો થયો છે





અમરેલી, તા. ૧૬

લાઠીના દુધાળા ગામે ધોળકીયા ફાઉન્ડેશન દ્વાર થયેલ જળ સંગ્રહના કામોમાં થયેલ કથિત ગેરરીતી અંગે આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ રાષ્ટ્રપતી અને પ્રધાનમંત્રીને પાઠવેલ પત્રમાં ગંભીર આક્ષેપો કર્યા અંગેનાં અહેવાલ મીડિયામાં પ્રસિધ્ધ થતાં ધોળકીયા ફાઉન્ડેશનનાં પ્રોજેકટ મેનેજર કનક પટેલે આક્ષેપોને ફગાવીને હકીકત મીડિયા સમક્ષ જણાવી છે.

તેઓએ વિડીયોના મારફત જણાવ્યુ કે, ધોળકીયા ફાઉન્ડેશન વર્ષ ૨૦૦૮ થી સ્વખર્ચે, લોક ભાગીદારી અને સરકારી યોજનના તળે જળ સંગ્રહના કાર્યો કરે છે. અને જળ સંગ્રહનાં કાર્યો થકી દુધાળા પંથકમાંથી પસાર થતી ગાગડીયા નદીના ાસપાસનાં ૨૦ ગામોની જનતાને ફાયદો થયો છે. જમીનનાં તળ ઉચા આવ્યા છે, ૧૨ મહિનામાં નદીમાં પાણી રહેવાથી ખેતી પાકોનુ ઉત્પાદન વધ્યુ છે. અને વન્ય પ્રાણીઓ અને પક્ષીઓની પીવાના પાણીની સમસ્યા દુર થઈ છે.

વધુમાં જણાવ્યુ કે, આક્ષેપ કરતાં પહેલા આક્ષેપ કરનારે સ્થળ ની રૂબરૂ મુલાકાત લેવી જોઈએ, ગ્રામજનોનો અભિપ્રાય લેવો જોઈએ, ખેડૂતોની મુલાકાત કરવી જોઈએ, માત્ર સસ્તી પ્રસિધ્ધી કે ભ્રામક માહિતી ફેલાવવા કરતાં રૂબરૂ મુલાકાત લઈને સત્ય હકીકતો જણાવી જોઈએ, તેમ અંતમાં જણાવેલ છે.

તદ્ઉપરાંત દુધાળાનાં પુર્વ સરપંચ સહિતનાં ગ્રામજનો અને યુવાનોએ પણ ધોળકીયા ફાઉન્ડેશનની કામગીરીની પ્રશંસા કરી છે.

આમ, ધોકળીયા ફાઉન્ડેશન દ્વારા આક્ષેપો અંગે ખુલાશો કરવામાં આવ્યો છે.

સાવરકુંડલા : એક વિરલ વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી અર્થાત પત્રકાર પાંધીસરનું અનોખું સફરનામું

સાવરકુંડલા તા. ૧૬

જન્મભૂમિના સંસ્કારો, પિતાના આશીર્વાદ અને જીવનના અનુભવો જયારે લેખિનીમાં ઉતરે છે, ત્યારે એક દીવાદાંડી સમાન પ્રેરણાદાયી વ્યક્તિત્વ બહાર આવે છે. આવા જ એક નિષ્ઠાવાન, નીડર અને પ્રભાવશાળી વરિષ્ઠ પત્રકાર તથા કેળવણીકાર આજે પોતાના જીવનના ૬૮મા વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યા છે, ત્યારે તેમના જીવન અને કવન પર એક ખાસ નજર.

સંસ્કારોની ભૂમિ અને પત્રકારત્વનો પ્રથમ પાઠ

માણસના ઘડતરમાં માતા–પિતાના સંસ્કારો અને બાળ પણના માહોલનો ખૂબ મોટો ફાળો હોય છે. ચલાલા જેવા પવિત્ર સ્થળે જેમનો જન્મ થયો છે તેવા આ વરિષ્ઠ પત્રકારના પિતા અખબાર (પેપર) વેચવાનો વ્યવસાય કરતા હતા. પિતાના આ વ્યવસાયને કારણે બાળપણથી જ વિવિધ દૈનિક અખબારોના વાચનનોજે શોધ અને અભ્યાસ શઢ થયો, તેણે જ તેમના જીવનની દિશા નક્કી કરી દીધી. પિતા પાસેથી મળેલી સાદાઈ અને સત્યનિષ્ઠાના સંસ્કારો તેમના જીવનની મૂડી બન્યા.

સાવરકુંડલાની ધરા પર શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાય સાથે જોડાયા બાદ તેમના જીવનમાં જાણે સોનામાં સુગંધ ભળી ગઈ. એક આદર્શ શિક્ષક તરીકે તેમણે અનેક વિદ્યાર્થીઓના જીવનને દીપાવ્યું અને ફરજ નિષ્ઠાની ઉત્તમ મિસાલ



બેસાડી. શિક્ષણની સાથે–સાથે તેમની કલમ પણ સક્રિય રહી. ધીમે–ધીમે તેઓ પત્રકાર જગતમાં આગળ વધ્યા અને નિષ્પક્ષતા, નીડરતા તેમજ સાહસ જેવા ગુણોથી પોતાનું આગવું સ્થાન બનાવ્યું.

આજના યુગમાં પત્રકારત્વ કરવું એ કોઈ સામાન્ય વાત નથી, તે એક મોટો પડકાર છે. તટસ્થ, નિષ્પક્ષ અને સત્યનિષ્ઠ રહીને સત્ય બહાર લાવવું એટલે જાણે બેધારી તલવાર પર ચાલવા જેવું છે. પરંતુ, આ વરિષ્ઠ પત્રકારે હંમેશાં લોકહિતને સર્વોપરી રાખીને કલમ ચલાવી છે. તેમની લેખનશૈલીની મૌલિકતા અને ભાષા પરનું પ્રભુત્વ એટલું અદભુત છે કે વાચક વર્ગને તેમાંથી હંમેશાં કંઈક નવું શીખવા અને પ્રેરણા મળતી રહે છે.

શાસ્ત્રો અને વેદો પણ કહે છે કે, 'તમારી પાસે જે કંઈ હોય તે વહેંચો, આપવાથી જ્ઞાન અને ગુણોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થશે.' તેમણે એક શિક્ષક તરીકે આપેલું જ્ઞાન અને પત્રકાર તરીકે સત્યની પીરસણી આ વાતને સાર્થક કરે છે. તેમણે રઘુવંશી સમાજનું પણ ગેરવ વધાર્યું છે.

ત્રિવેણી સંગમ અને જન્મદિવસનો અદભુત સંયોગ

જોગાનું જોગ આજનો આ પાવન દિવસ એક અદભુત ત્રિવેણી સંગમ સમાન છેઃ

૧. જલારામ જયંતિ (માનવતા અને સેવાનો પર્વ)

૨. રાષ્ટ્રીય પત્રકાર દિવસ (પત્રકારત્વની ગરિમાનો દિવસ)

૩. આદરણીય પાંધી સરનો જન્મદિન

જલારામ બાપાના આદર્શોને પોતાના જીવનમાં જીવંત રાખીને માનવસેવા અને સત્યના માર્ગ પર ચાલવું એ જ મનુષ્ય જીવનની સાચી સાર્થકતા છે, અને આ વાત આ વરિષ્ઠ પત્રકારના જીવનમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. સુરતથી હરિભાઈ મોર દ્વારા આ સુંદર સંસ્મરણો અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે, જે સાવરકુંડલા અને સમગ્ર પત્રકાર જગત માટે ગર્વની વાત છે.

આપણા સેના વ્હાલા અને આદરણીય બિપીનભાઈ પાંધી અર્થાત પાંધીસર પત્રકારને ૬૮મા વર્ષમાં મંગળ પ્રવેશ પર અસંખ્ય હાર્દિક શુભકામનાઓ! આપની કલમ હંમેશાં નિર્ભય બનીને સમાજને સાચો રાહ ચીંધતી રહે તેવી પ્રાર્થના.

અહેવાલ : હરિભાઈ મોર સુરત

તમારૂ આરોગ્ય અમારી જવાબદારી
PM-JAY તથા PGVCL કર્મચારીઓ માટે
કેસલેસ સારવાર
હૃદયરોગ–બીપી–ડાયાબિટીસ–ફેફસા–લીવર–પોઇઝન
સર્પદંશ–પેરાલીસીસ–શ્વાસ તથા બધા તાવની
સારવાર ઉપલબ્ધ
24×7 Emergency Services
GUVNL
ડો.વિજય મકવાણા
(MD - મેડીસીન)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૬૬૬
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા કાર્યવાહી

ધારીનાં લાખાપાદર ખાતેથી દેશી દારૂની ભઠ્ઠી સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો

રૂપિયા ૫.૦૬ લાખનાં મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત



અમરેલી, તા. ૧૬

ધારી તાલુકાના ચલાલા પોલીસ તાબાના લાખાપાદર ગામે રહેતા દેવજી ઉર્ફે દેવો ગોબરભાઈ ડાહ્યાભાઈ વાઘેલાએ પોતાના રહેણાંક મકાન પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં ધારી તાલુકાના નવી ધારગણી ગામ (સાવલીયાપરા)માં રહેતા આરોપી મુકેશ ઉર્ફે મુકલો કેશાભાઈ ડાહ્યાભાઈ બાબરીયા સાથે મળી પોતાના આર્થિક ફાયદા માટે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ બનાવી દેશીદારૂ ગાળવાના સાધનો વડે દેશી દારૂ ગાળવાની પ્રવૃતિ કરતા હોય આ અંગે સ્ટેટ મોનિટરીંગ સેલના અધિકારીને બાતમી મળતા ગઈ કાલ તા. ૧૪ના રોજ દરોડો પાડી દેશી દારૂ ૨૫૧ લીટર કિંમત રૂપિયા ૫૦,૨૦૦ તથા દેશીદારૂની ભઠ્ઠી ગાળવામાં ઉપયોગી ઠંડો વોશ ૨૪૭૫ લીટર કિંમત રૂપિયા ૬૧,૮૭૫ તથા ગરમ વોશ ૧૨૦ લીટર કિંમત રૂપિયા ૩૦૦૦ તથા દેશીદારૂની ભઠ્ઠી ગાળવા માટે ઉપયોગમાં લેવાતા સરસામાન/સાધનો જેમાં ૧૧૦૪ કિલો ગોળ કિંમત રૂપિયા ૫૫,૨૦૦ તથા ઈલેકટ્રીક બ્લોવર (ફુંકણી) મશીન કિંમત રૂપિયા ૩,૦૦૦ તથા ગોળ ભરવા માટેના ખાલી ડબ્બા ૧૩૫ કિંમત રૂપિયા ૧,૩૫૦ તથા વોશ ભરવા માટે ઉપયોગમાં લેવાયેલ પ્લાસ્ટીકના ખાલી બેરલ નંગ–૧૧ કિંમત રૂપિયા ૨,૭૫૦ તથા ભઠ્ઠી ઉપર ચડાવેલ લોખંડના પીપ નંગ–૨ કિંમત રૂપિયા ૫૦૦ તથા ભઠ્ઠીનું પાણી ઠંડુ કરવા ઉપયોગમાં લેવાયેલ લોખંડના પીપ નંગ–૨ કિંમત રૂપિયા ૫૦૦ તથા દેશીદારૂને હેરફેર કરવામાં ઉપયોગમાં લેવામાં આવેલ ફોર વ્હીલ કાર કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ તથા અંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂપિયા ૨૨,૩૦૦, મોબાઈલ ફોન નંગ–૧ કિંમત રૂપિયા ૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૦૬,૧૭૫ ના મુદ્દામાલની મત્તા સાથે આરોપી દેવજી ઉર્ફે દેવો ગોબરભાઈ ડાહ્યાભાઈ વાઘેલા મળી આવતા તેમને ચલાલા પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ બનાવમાં નહિ પકડાયેલ ઈસમો પ્રતાપભાઈ દાફડા (રહે. સરંભડા, તા. અમરેલી), મનિષ ભાણદાસભાઈ પરમાર (રહે. ગામ કમી, તા. ધારી), જયરાજભાઈ જેબલિયા (રહે. નાના સમઢિયાળા, તા. ધારી), કનુભાઈ અમરાભાઈ ખેતરિયા (રહે. ગરમલી મોટી, તા. ધારી), કનુભાઈ મધુભાઈ વાળા (રહે. નાગધ્રા, તા. ધારી) આરોપી દેવજી ઉર્ફે દેવો ગોબરભાઈ ડાહ્યાભાઈ વાઘેલા પાસેથી ગેરકાયદેસર રીતે દેશી દારૂનો જથ્થો મંગાવી વેપાર ધંધો કરી દરેક આરોપીઓએ આર્થિક ઉપાર્જન મેળવવાના હેતુથી સંગઠિત ટોળકી બનાવી ગેરકાયદેસર પ્રવૃતિઓ કરતા હતા.

પકડાયેલ આરોપી દેવજીભાઈ ઉર્ફે દેવો ગોબરભાઈ વાઘેલાની વિરૂદ્ધમાં ભૂતકાળમાં પણ ગુનાઓ દાખલ થયેલ હોવા છતા પોતાની ગેરકાયદેસર પ્રવૃતિ સતત ચાલુ રાખી તેના કબ્જા ભોગવટાની ફોર વ્હીલ કારમાં દારૂનો જથ્થો લાવવા લઈ જવા માટે ઉપયોગ કરીને, તમામ આરોપીઓએ એક બીજાની મદદગારી કરતા આ તમામ સાતેય આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરી આગળની તપાસ અમરેલી એલ.સી.બી. પોલીસ સબ ઈન્સ. જે.ડી. વાઘેલાએ શરૂ કરેલ છે.

જનતા જનાર્દનનાં પરસેવાના પૈસાથી થતાં વિકાસકાર્યોથી જનતા જ પરેશાન

દામનગરમાં મરામોટી ખુલ્લી ગટર નિર્દોષ નાગરિક અને મુંગા પશુનો ભાંગ લે તે પહેલા બુરી દેવા માંગ

પાલિકાના શાસકો શહેરીજનોએ આપેલ 'મત'નું સુવિધાસભર વળતર ચુકવે



દામનગર, તા.૧૬

દામનગરના નાગરિકો ભાજપ ઉપર વિશ્વાસ રાખીને ઘણા વર્ષોથી સતત પાલિકાનું સુકાન ભાજપનાં આગેવાનોને સોંપી રહ્યું છે. છતાં પણ પાલિકાના શાસકો મતદારોને સુવિધારૂપી વળતર ચુકવવામાં નિષ્ફળ સાબિત થઈ રહયા છે. દામનગર નગરપાલિકાને વિકાસના કામો માટે કરોડો રૂપિયા ભેટ નહીં ગ્રાન્ટ અપાય છે તે કાગળ ઉપર અને વાસ્તવિક કામો કેવા થાય છે (કરાય છે..) તે આ તસ્વીર પરથી જોઈ શકાય છે કે ગારિયાધાર રોડ પર વાલ્મીકિ વાસને અડીને આવેલ ગંદા પાણીના નિકાલ માટેની ગટર ઢાકવામા અધૂરી રાખી દેવાઈ છે તેને કારણે વાહન વ્યવહારની સતત અવર જવર અને રહેણાંકી વિસ્તારના લોકો અને પશુઓ માટે જોખમી અને કોઈપણ સમયે અકસ્માત થવાની શકયતા હોય, ખુલ્લી ગટરને તાકીદે ઢાંકી દેવામાં આવે એવી માંગ ઉઠી છે.

સિંહ, દીપડા, શ્વાન બાદ વધુ એક પ્રાણી મેદાનમાં

ખાંભાનાં નાના બારમણમાં શ્રમિક મહિલા ઉપર શિયાળે કર્યો હુમલો

હાથ અને મોં નાં ભાગે ઈજા પહોંચી



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડા મહિનાઓથી સિંહ, દીપડા અને

અનુસંધાન પાના ૬ ઉપર

ઢળતી સંધ્યાએ અનેરો નજારો

ધારી–અમરેલી માર્ગ ક્રોસ કરતી સિંહણનો વિડીયો થયો વાયરલ

બંને બાજુએથી આવતા વાહનો થોભી ગયા



અમરેલી, તા. ૧૬

ધારી પંથકમાં સમી સાંજે સિંહ જેવા પ્રાણીઓ ટ્રાફિકથી ધમધમતો માર્ગ અવારનવાર ક્રોસ કરતાં હોય તેવું દ્રશ્ય સામે આવી રહ્યું છે.

દરમિયાનમાં ધારી–અમરેલી માર્ગ ઉપર ઢળતી સંધ્યાએ એક સિંહણ માર્ગ ક્રોસ કરતી હોય તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

પિપાવાવથી મોરબી તરફ જઈ રહેલા ટેન્કરનાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા સર્જાયો અકસ્માત

સાવરકુંડલાનાં બાયપાસ સ્ટેટ હાઈવે પર ૨૦ ટન એલ.પી.જી. ગેસ ભરેલુ ટેન્કર પલટી મારતા અફડાતફડી

ગેસ લીકેજ અને આગની સંભાવનાને ધ્યાનમાં રાખી ફાયર વિભાગે ટેન્કર પર પાણીનો મારો ચલાવ્યો



અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા શહેરનાં બાયપાસ સ્ટેટ હાઈવે માર્ગ પર એલ.પી.જી. ગેસ ભરેલું ટેન્કર પલટી મારી જતાં ભારે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. પીપાવાવથી મોરબી તરફ એલ.પી.જી. ગેસ ભરીને જઈ રહેલા ટેન્કરનાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેન્કર રસ્તા પર પલટી મારી ગયું હતું. આ ઘટનાની જાણ થતાં જ સાવરકુંડલા નગરપાલિકાનાં ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ગેસ ભરેલા ટેન્કરમાં ગરમીનાં કારણે કોઈ જોખમી પરિસ્થિતિ ઊભી ન થાય અને ટેન્કરનું ટેમ્પરેચર નિયંત્રણમાં રહે તે માટે ફાયર વિભાગનાં જવાનોએ ટેન્કર પર પાણીનો સતત મારો ચલાવી તકેદારીનાં પગલાં લીધાં હતાં.

બીજી તરફ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમરેલી ફાયર ફાઈટરની ટીમને પણ મદદ માટે ઘટના સ્થળે રવાનાં કરવામાં આવી હતી. સાવરકુંડલા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા હાથ ધરી હતી. ઘટના સ્થળે ક્રેન પહોંચ્યા બાદ તેની મદદથી પલટી મારેલા ગેસ ટેન્કરને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગેસ ભરેલા ટેન્કરનાં અકસ્માતને પગલે તંત્ર દ્વારા સાવચેતીનાં પગલાં લેવામાં આવી રહ્યા છે અને સમગ્ર ઘટનાને પગલે સ્થાનિક તંત્ર તથા ફાયર વિભાગ એલર્ટ બન્યું છે.

ગાંધીનાં ગુજરાતમાં દારૂની હેરફેર સંપૂર્ણ બંધ થતી જ નથી

લીલીયા : આંબા–સલડી માર્ગ પરથી વિદેશી દારૂનાં જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડતી પોલીસ

ઇકો કાર સહિત કુલ રૂા. ૨,૨૫,૩૭૯નો મુદ્દામાલ કબ્જે કરાયો



લીલીયા, તા. ૧૬

લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં આંબા ગામથી સલડી ગામ તરફ જવાનાં ગાડા માર્ગ પરથી વિદેશી દારૂનાં જથ્થા સાથે એક શખ્સને ઈકો ફોરવ્હીલર કાર સહિત ઝડપી પાડવામાં આવ્યો હતો.

સ્થાનિક પોલીસે આંબા ગામથી સલડી ગામ તરફ જવાનાં ગાડા માર્ગેથી મારૂતિ સુઝુકી ઈકો કારમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈ જતા પ્રકાશભાઈ કબાનભાઈ મેડા (ઉં.વ. ૨૧, રહે. બાવડી ગામ, તા. જોબટ, જિ. અલીરાજપુર, મધ્યપ્રદેશ)ને ઝડપી પાડયો હતો.

પોલીસે તેની પાસેથી મેકડોવેલ્સ નંબર–૧ રિઝર્વ વ્હિસ્કીની ૧૮૦ એમ.એલ.ની ૨૯ બોટલ, કિંમત રૂા. ૫,૮૨૯ તથા લંડન પ્રાઈડ પ્રીમિયમ વ્હિસ્કીની ૧૮૦ એમ.એલ. ની ૧૧૫ પ્લાસ્ટિક બોટલ, કિંમત રૂા. ૧૯,૫૫૦ મળી કુલ ૧૪૪ બોટલ વિદેશી દારૂ તેમજ રૂા. ૨ લાખની ઈકો કાર સહિત કુલ રૂા. ૨,૨૫, ૩૭૯નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ મામલે લીલીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એકટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) અને ૯૮(૨) મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર કામગીરી પી.આઈ. પી.જે. રામાણીની સૂચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. વાય.એમ. જાડેજા તથા લીલીયા પોલીસ સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

અમરેલી એક્સપ્રેસ
સમાચારો મોકલવા બાબત
''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી
તંત્રી

કૃષ્ણા DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
કુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, ક્રિસ્ટલબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૬૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, બોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી
તેમજ પંજાબી મળશે...
॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥
પંજાબી ચાઈનીઝ
કાઠિયાવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
શ્રી રઘુવીર
મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩
કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice cream/Mukhvas/Namkeen)
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location : Amreli, Gujarat.
hrsopl1987com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)